

SWARGA ROHAN
DANTA ROAD, AMBAJI,
DIST. BANASKANTHA (GUJ.)
PH. (02749) 262269.

# અધ્યાત્મ

વર્ષ : ૧ અંક : ૧૨ સપ્ટેમ્બર-૧૯૮૦

જે સંપતિનો ઉપયોગ દાન, ધર્મ કે સત્કર્મોમાં થતો રહે છે, તે જ તેનો સાચો ઉપયોગ છે એમ માનજો.


કીર્તિ એસ. દેસાઈ

★

કીર્તિ ટાઈલ્સ

★

વિનોદ ટ્રાન્સપોર્ટ કંપની

★

રામ એન્ડ કંપની

ફોન : ઓફીસ–૨૬૮૪
કૈલાસ રોડ, વલસાડ (વે.રે.) ગુજરાત




શ્રી યોગેશ્વરજી

## 'અખંડ રક્ષા'

મારે માથે હજાર હાથવાળો
અખંડ મારી રક્ષા કરે.

કદી રક્ષકના ઉગ્ર રૂપવાળો
આવી કસોટી કપરી કરે.

એની કરુણાનો શ્રોત નિત્ય વહેતો
પ્રસન્ન મને રાખ્યા કરે.

મને ચિંતા કરવા ન જરી દેતો
કલ્યાણ મારું ઝંખ્યા કરે.

રખે ઊતરું હું માર્ગે આડે તો
સત્યપથ ચીંધ્યા કરે.

નાથ શ્રદ્ધાનાં પારખાં લેતો
ને તો યે શક્તિ દીધા કરે.

ધૂળમાંથી કનક કરી દેતો
અજબ તારી લીલા ખરે !

(જૂનું ભજન)


ઈશ્વરની શક્તિ એ મહાન પાવર હાઉસ સમાન છે. જ્યાં સુધી વ્યક્તિ તેની સાધના દ્વારા પોતાનું દોરડું તેની સાથે જોડતો નથી, ત્યાં સુધી ઈશ્વરની અસીમ શક્તિનો તે લાભ મેળવી શકતો નથી.

– શ્રી યોગેશ્વરજી

with best compliments from

K. E. C.

*Leaders In High Tension Power Transmission*

- **Civil Engineering**
- **Railway Electrification**

**Kamani Engineering Corporation Ltd.**

Kamani Chambers, 32, Ramjibhai Kamani Marg,
Ballard Estate, Bombay–400 038

આંતરિક સૌંદર્ય સિવાય, કેવળ બાહ્ય સૌંદર્ય,
વેધક કે અસરકારક બનતું નથી.

The New Vinod
ilk Mills Private Ltd.
Kasturchand Mills Estate, Dadar, Bombay
*Most trusted name for processing of*
*polyester, Acrylic Polyester / Viscose Suitings & Shirtings*
*& Top Dyed Suitings & all Varieties of Synthetic Fabrics*

ઈશ્વરની પ્રાપ્તિ શક્તિ વગર શક્ય નથી, પરંતુ શક્તિને જ્યાં સુધી નાથીને સન્માર્ગે વાળવામાં નથી આવતી, ત્યાં સુધી તે મનુષ્યને આત્મિક વિકાસના માર્ગે દોરી જઈ શકતી નથી.

કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ
શાંતિભાઈ કનેરીયા
ઓઈલ એન્જીનના ઉત્પાદકો
હેઅર રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧
ફોન નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૧, અંક : ૧૨, છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૨–૦૦, વિદેશમાં રૂા. ૧૦૦–૦૦ (વિમાનથી)

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ–૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઈ)
શ્રી બાબુભાઈ વ્હોરા (અમદાવાદ)
શ્રી જે. વી. શાહ (મુંબઈ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ
સ્ટેશન રોડ, ભાવનગર–૩૬૪૦૦૧

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યાં પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| કર્તવ્યપાલન | ૫ | શ્રી યોગેશ્વરજી |
| કૃપાનાથ શ્રી નથ્થુરામ શર્માનો અદ્દભુત અનુભવ | ૭ | પ્રા. શ્રી જનાર્દન દવે |
| ગજાનન યોગીરાજની ફરી મુલાકાત | ૧૧ | સં. શ્રી નારાયણ હ. જાની |
| વિશ્વભાવિ | ૧૫ | શ્રી પ્રપન્નલાલ કાજી |
| ગાંઠ | ૧૬ | — |
| મનડા વિના બીજું શું રે ધરું ! | ૧૬ | શ્રી પૂર્ણિમા |
| આરતી | ૧૭ | — |
| પ્રકાશના પંથે | ૧૮ | સંક્ષેપક શ્રી દીપક મહેતા |
| ભગવાન બુદ્ધનો મધ્યમ માર્ગ | ૨૨ | શ્રી બળવંતરાય ડી. રાવલ |
| આર્તનાદથી પ્રાર્થના ફળે છે. | ૨૪ | શ્રી ગુણવંતબા એચ. રાણા |
| અજબ નિસ્પૃહી જલારામબાપા | ૨૮ | — |
| મને અધ્યાત્મ માસિક શા માટે ગમે છે ? | ૨૯ | શ્રી જમિયતરામ જે. શુકલ |
| શ્રી ઈશાવાસ્યોપનિષદ | ૩૨ | — |
| પ. પૂ. શ્રી યોગેશ્વરજીના ગુરુ પૂર્ણિમા ને જન્મદિન ઉજવણીનાં સંભારંભો | ૩૬ | — |
| જીવન સાધનાનાં સોપાન | ૩૯ | સં. શ્રી નારાયણ હ. જાની |
| નાસાગ્ર દૃષ્ટિ | ૪૨ | શ્રી મણિભાઈ ચ. શાહ |
| શિવસંકલ્પ ઉપનિષદ | ૪૫ | પ્રિ. શ્રી એસ. સી. પાઠક |
| શ્રી કબીરજીનું તત્ત્વદર્શન | ૫૨ | પ્રા. શ્રી શશિકાન્ત કોન્ટ્રાકટર |
| શુભનો સંચય | ૫૬ | શ્રી ભાઈલાલભાઈ છાટબાર |
| પ્રશ્નોત્તરી | ૫૯ | શ્રી યોગેશ્વરજી |



# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો

વર્ષ : ૧ સપ્ટેમ્બર–૧૯૮૦ અંક : ૧૨


## કર્તવ્યપાલન

શ્રી યોગેશ્વરજી

હિમાલયના હિમાચ્છાદિત પર્વતીય પ્રદેશમાં વરસોથી મોટર ડ્રાઈવર તરીકે કામ કરતા એક ગઢવાલી ડ્રાઈવરે વાતવાતમાં મને જણાવ્યું, આ પ્રદેશમાં મોટર ચલાવવાનું કાર્ય કઠિન છે. નાનામોટા એટલા બધા વળાંકો આવે છે કે વાત નહીં. અને રસ્તો પણ કેટલો બધો કપરો છે ? એક બાજુએ પર્વત અને બીજી બાજુએ ઊંડી ઊંડી ખીણ, એમાંથી સરી જનારી પુણ્યસલિલા સરિતા–ભગવતી ભાગીરથી. જો જરાક પણ ધ્યાન ચૂકયા તો ખલાસ. અમે તો ખતમ થઈએ જ, પરંતુ સાથે સાથે અન્ય અનેકને ખતમ કરીએ. અમારું મન વાતોમાં ના હોવું જોઈએ. આજુબાજુના કુદરતી સૌન્દર્યયુક્ત દશ્યોમાં પણ ના હોવું જોઈએ.

મેં પૂછ્યું, તમને કોઈ વાર કંટાળો નથી આવતો ? એમણે ઉત્તર આપ્યો : કંટાળો આવે તો પણ કર્તવ્યપાલનના વિચારથી એ કંટાળો ચાલ્યો જાય છે. એને અમે ખંખેરી કાઢીએ છીએ.

મધરાતના શાંત સમયે ટ્રેનમાં મોટા ભાગના મુસાફરો સૂતા હોય, કેટલાક ઝોકાં ખાતા હોય, એવે વખતે સતત સાવધાન અથવા જાગ્રત રહીને એન્જિનને ચલાવનારા ડ્રાઈવરનો વિચાર કરો છો ? એને આળસ નહીં આવતી હોય ? નિદ્રા નહીં સતાવતી હોય ? એ જો નિદ્રાધીન બની બેસે તો ટ્રેનને અને એના ઉતારુઓને જોખમમાં મૂકે.

જંગલોમાં અને એકાંત પર્વત પ્રદેશોમાં રાષ્ટ્રની સીમાની સુરક્ષા સારુ સર્વપ્રકારના બાહ્ય સુખોપભોગો, સ્વજનો અને સગવડનાં સાધનોને તિલાંજલિ આપીને અડીખમ રીતે ઊભા રહેતા સૈનિકોનો વિચાર કરો. એ સૌ પોતપોતાના કર્તવ્યપાલનનું મહત્ત્વ સમજીને એમાં અભિરુચિ રાખીને એનું અનુષ્ઠાન કરતાં પોતાનો સમય પસાર કરે છે. રાષ્ટ્રજીવનની સ્વસ્થતા, સુરક્ષા તથા સમુન્નતિને માટે એવી નિષ્ઠા આવશ્યક હોય છે અને આશીર્વાદરૂપ ઠરે છે. એક એક ઈંટ એકઠી મળીને સુવ્યવસ્થિત રીતે સંધાઈને દીવાલના નિર્માણકાર્યમાં સહાયક બને છે, પ્રત્યેક પુષ્પ પોતપોતાના સ્થાનને સંભાળીને મનહર માળાની રચનામાં પોતાનો સહયોગ પ્રદાન કરે છે, એ રીતે પ્રત્યેક વ્યક્તિ જ્યાં છે ત્યાં રહીને, જે પણ કર્મ કરે છે તે સારામાં સારી રીતે સાવધાનીપૂર્વક કરવાનો આગ્રહ રાખીને પોતાની ને બીજાની સેવા કરે છે અને સમાજની સ્વસ્થતા, સુવ્યવસ્થા, સંવાદિતા, શાંતિ અને સમૃદ્ધિમાં ફાળો ધરે છે. પ્રત્યેક વ્યક્તિ યાદ રાખે કે પોતે એકલી નથી, પરંતુ પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ સાથે સંકળાયેલી છે. એમને માટે પોતાનું કર્તવ્ય છે, એ કર્તવ્યનું પાલન અહંતા તથા સ્વાર્થવૃત્તિથી રહિત બનીને કરવામાં જ કલ્યાણ છે. અથવા સાર્થકય સમાયેલું છે. તો આપણી આજુબાજુનું ચિત્ર કેટલું બધું બદલાઈ જાય? સંસારમાં સ્વર્ગનું સર્જન થાય. મૃત્યુલોક અમૃતલોક બની જાય.

❀

ઉપવાસ સહેલો છે–પણ સંયમપૂર્વકનો આહાર રાખવો અઘરો છે. મૌન સહેલું છે–પણ સંયમપૂર્વક બોલવું અઘરું છે.

વિનોબા ભાવે



# કૃપાનાથ શ્રી નથ્થુરામ શર્માનો અદ્‌ભુત અનુભવ

પ્રા. જનાર્દન દવે

સૌરાષ્ટ્રમાં જૂનાગઢ પાસે આવેલા બીલખા આનંદ આશ્રમના અધિષ્ઠાતા પરમ કૃપાનિધાન દક્ષિણામૂર્તિ મહેશ્વર-સ્વરૂપ પૂજ્ય શ્રી નથ્થુરામ શર્મા આચાર્યશ્રીનો હું દીક્ષિત શિષ્ય નથી. પરંતુ પૂજ્યપાદશ્રીના કેટલાક ગ્રંથો મેં વાંચેલા અને આશ્રમના નિમંત્રણથી બેત્રણ પ્રસંગોએ હું ઉત્સવો દરમ્યાન ત્યાં વ્યાખ્યાનો આપવા ગયેલો અને ત્યાંના પવિત્ર તથા ચુંબકીય વાતાવરણમાં હું અનેરું આકર્ષણ અનુભવી શકેલો. ભાવનગરમાં પાદુકાપૂજનના એકાદ અવસરે અર્ચનમાં ભાગ લેવાનું પણ મને સદ્‌ભાગ્ય મળેલું.

સ્વામી શ્રી ચિદાનંદજીએ ભેટ આપેલું મહાત્માશ્રી પરનું સંતનું પર્ણકુટિ પુસ્તક મને ગમેલું. આ પછી 'શ્રીનાથસ્મરણ ગંગા'ના ચાર ભાગ મને તા. ૪–૭–૭૭ના રોજ મળેલા. આ પુસ્તકો મળ્યાંને બે દિવસોમાં જ મેં ૧થી ૨૦ તરંગો જેમાં છે તે બે ભાગ વાંચી નાખ્યા. તેમાં વર્ણવેલા પૂજ્યશ્રીના અનેક પ્રસંગોએ મારા મન પર એવી ઊંડી છાપ પાડી કે મારા મનમાં એક વિચાર એવો સ્ફૂર્યો કે થોડા વહેલા જન્મ્યા હોત તો કૃપાનાથનાં દર્શન-શ્રવણનો લાભ તો મળત.

તા. ૭–૭–૭૭ની રાત્રે બરાબર આવા કૈંક વિચાર સાથે સૂતો. કેટલો સમય થયો તે ખ્યાલ ન રહ્યો પણ સ્વપ્નમાં એવું અનુપમ દૃશ્ય દેખાયું કે ન પૂછો વાત.

પૂર્વાકાશમાં ઉષાનાં અદ્‌ભુત રંગો દેખાયા. થોડી વારમાં ભગવાન ભુવનભાસ્કરનું જપાપુષ્પ જેવું લાલ બિંબ દેખાયું.

આ સમયે હું સંધ્યાવંદન કરતો હતો અને અર્ઘ્યપાત્ર ઊંચું કરીને મનમાં ગાયત્રી મંત્ર બોલીને હજી તો

ब्रह्मस्वरूपिणे सूर्यनारायणाय सांगाय सपरिवाराय

ઇત્યાદિ બોલું છું ત્યાં તો દૂરનું સૂર્યબિંબ મારા ઘરની દીવાલ પાર કરીને મારાથી માત્ર ત્રણચાર ફૂટના અંતરે સામે જ આવીને ઊભું; અને મને તેમાં લાલ રંગના પદ્મદલ પર સુવર્ણરંગી ભગવાન ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં. એ મુખ, બાહુઓ, ચરણો, આયુધો બધું આજે પણ સ્પષ્ટ યાદ આવે છે.

હું આસન પરથી ઊભો થવા ગયો ત્યાં નારાયણ અદૃશ્ય થયા, અને તેમની બદલે ત્રિશૂલ ડમરૂથી શોભતા પ્રસન્ન પંચાનન ભગવાન શિવ મંદ મંદ હસતા દેખાયા. અર્ઘ્યપાત્ર પાટલા પર એમનું એમ રાખી હું હાથ જોડી ઊભો થઈ ગયો. ત્યાં તો શિવજીનાં પાંચે મુખ મારી તદ્દન નજીક આવ્યાં. મારી ડાબી બાજુનું પ્રથમ મુખ કેસરી રંગનું, તેની પાસેનું મુખ મોતી જેવું શુભ્ર, બરાબર મારી સન્મુખનું પૂરેપૂરું દેખાતું મુખારવિંદ નીલ રંગનું. તેની પાસેનું મારી જમણી બાજુનું પહેલું અને ક્રમમાં ચોથું મુખારવિંદ અગ્નિજ્વાળા જેવું લાલ અને છેલ્લું પાંચમું આછેરી લાલ ઝાંયવાળું રાખોડી રંગનું હતું.

પાંચે મુખારવિંદ પર શ્વેત ભસ્મ ત્રિપુંડ, ચંદ્રલેખા અને કંઠનો નીલભાગ સ્પષ્ટ હતા, ગંગાજી દેખાતાં ન હતાં પણ જટાજૂટ ચોખ્ખો દેખાતો હતો. ક્ષણ વારમાં અતિ સ્પષ્ટ દર્શન થયાં પણ આ સ્વરૂપ પાસે આવતાં પાંચે મુખ જેમાં હતાં તે સૂર્યમંડળનો દઝાડતો તાપ સમીપ આવતાં હું ભયભીત થઈને, પ્રણામ સાથે "ભગવાન, હવે બસ કરો, બસ કરો, હું તો દાઝી રહ્યો છું" એમ બોલ્યો કે તુરત જ સ્વરૂપ અને મંડળ સ્થિર થઈ ગયાં.



પરંતુ આ સ્વરૂપ એટલું સ્પષ્ટ હતું કે મારી સામેના પાટલા પર મેં પધરાવેલ સિંહાસન અને તેમાંના પંચદેવ દેખાતા ન હતા. ક્ષણ બે ક્ષણમાં સૂર્યમંડળમાં ધૂમ્રસેર પ્રગટતી દેખાઈ અને અચાનક જ શિવજીનું સ્વરૂપ ઝાંખું થવા લાગ્યું, અને સાથોસાથ પ્રથમ શ્વેત કેશના, પછી શ્વેત કેશ અને શ્વેત દાઢીથી શોભતા ભસ્માચ્છાદિત કૃપાનાથના મુખારવિંદનાં દર્શન થયાં. હું બોલી ઊઠ્યો. "કૃપાનાથ, આપ?"

પ્રભુશ્રીનો ધીરગંભીર પણ પ્રત્યેક શબ્દ ચીપી ચીપીને બોલાતો હોય તેવો ધીરગંભીર સ્વર સંભળાયો, "મારાં દર્શન કરી લીધાં? હવે તો વહેલાં ન જન્મ્યાનો પસ્તાવો થતો નથી ને?"

પ્રભુશ્રી મારા વિચારો જાણી ગયાનું આશ્ચર્ય શમતાં મેં કહ્યું. "પ્રભુ! થોડી કૃપા કરો." નાથ ભગવાન બોલ્યા, "બોલો, શું જોઈએ? અમે છીએ ત્યાં જે જોઈએ તે માગી લ્યો, પછી નહિ મળે." મેં વિનંતિ કરી, "પ્રભુ! આપની કૃપાથી બધું લૌકિક સુખ તો છે, પણ થોડી શંકા છે." કૃપાનાથ કહે, "તમારી શંકાનું સમાધાન કરવા જેટલી તમારી લાયકાતનો વિચાર કર્યો છે?" મેં કહ્યું, "પ્રભુ! આપને શું અશક્ય છે?"

આ બધો સમય કૃપાનાથ નિર્ભય બનાવતું મીઠું મીઠું હસી રહ્યા હતા; તેમણે પૂછ્યું, "તમારી શંકા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરોની છે ને? પણ સાથે તૈયાર છો?" મેં કહ્યું, "હા જી". અવાજ સંભળાયો : "જુઓ ત્યારે" અને એકદમ મેં મારું શરીર પથારીમાં પડેલું, મૃત્યુ પામેલું જોયું. તેમાંથી શ્વેત, ધૂમાડાના આકારનું પણ પરમાણુ–એ પરમાણુ ગણી શકાય તેવું એક બીજું શરીર નીકળતું જોયું. એમાં પણ મારી જેવા જ હાથ, પગ, આંખ, કાન, નાક બધું દેખાયું,


પણ આ શરીર હવામાં તરતું હલકું લાગતું. કૃપાનાથનો અવાજ સંભળાયો, "શું જુઓ છો?" પણ મારાથી બોલાયું નહિ. એટલામાં તો શ્વેત રંગના ધૂમાડા જેવા શરીરમાં પાછું એક અનેક ગાંઠવાળું કાળા રંગના ઝાળાં બાઝી ગયાં હોય તેવું નાની પોટલી સરખું કંઈક દેખાયું. આ શું છે? તે સમજાવતો કૃપાનાથનો અવાજ સંભળાયો, "દેખાય છે ને બરોબર? આ છે કારણ શરીર."

તુરત જ બધું અદશ્ય અને પાછું સૂર્યમંડલમાં ગુરુદેવનું પ્રસન્ન મુખારવિંદ દેખાયું. તેઓશ્રી બોલ્યા, "હવે શું પૂછવું છે?" મેં કહ્યું, "આપ વધુ કૃપા કરો તો મારે કુંડલિનીનાં દર્શન કરવાં છે, શરીરમાં તે ક્યાં હોય છે?" ગુરુદેવના મુખમાંથી તુરત પ્રકાશનો ધોધ વહેવા માંડ્યો, બોલ્યા, "યોગ્યતા તો નથી, પણ અમારા બળથી બતાવશું."

થોડી જ ક્ષણોમાં તેમનાં નેત્રોમાંથી એક પ્રકાશધોધ વહી રહ્યો અને અવાજ સંભળાયો "આની પાછળ જોતા આવો." અને મારાં સ્થૂળ શરીરની અંદરના ભાગમાં ભગવાન ગણપતિનાં દર્શન થયાં અને પછી તુરત જ અત્યંત શુભ્ર, કમલના તંતુ જેવા પાતળા, પણ વિદ્યુલ્લેખા સમાં ચળકતાં સાડાત્રણ આંટામાં વીંટળાયેલાં સર્પિણીરૂપ ભગવતી કુંડલિનીનાં મૂલાધાર ચક્ર સાથે માત્ર ક્ષણ અર્ધી ક્ષણ દર્શન થયાં અને બધું અદશ્ય. પછી દૂર દૂરથી આવતો કૃપાનાથનો અવાજ "હવે ન પૂછશો" સંભળાયો, અને છતાં મેં આતુર સ્વરે પૂછી નાખ્યું, "કૃપાનાથ, પણ આપ ક્યાં છો?" પ્રત્યુત્તર ન મળ્યો, પણ પૂર્વવત સામેનાં પાટલા પર સિંહાસન સહિત પંચાયતનનાં દર્શન થયાં અને મારી સામે જ્યાં મને બધું દેખાયું ત્યાં હું પંચાંગ પ્રણામ કરી રહ્યો.

❀





# ગજાનન યોગીરાજની ફરી મુલાકાત

પ્રસંગ ૨.

સંપાદક :
**નારાયણ હ. જાની**

( યોગીરાજ ગજાનન મહારાજના મહિમા પુસ્તકને આધારે )

પહેલી મુલાકાત પછી શ્રી બંકટલાલની સ્થિતિ વિચિત્ર બની ગઈ. સાચા જિજ્ઞાસુનું આ લક્ષણ છે. સંત પુરુષનું એક વાર દર્શન થયા પછી, એમનો વિયોગ એને ભારે સાલે. જાણે હાથમાં આવેલું રતન ખોવાઈ ન ગયું હોય!

પરમ વંદનીય યોગીરાજ ગજાનન બાબાનાં દર્શન ભોજન-સમારંભના દિવસે થયા પછી, તેની આંખો એમને શેગાંવમાં શોધતી, પરન્તુ કેટલાક કાળ સુધી એમનાં દર્શન ન થયાં. આથી તે ઉદાસ રહેવા લાગ્યો. એની તબિયત પર પણ એની અસર થઈ. એના પિતા ભવાનીરામ ચિન્તા કરવા લાગ્યા. પૂછવા છતાં પણ બંકટ તેમને સાચું કારણ કહી ન શક્યો.

બંકટના પડોશમાં શ્રી રામજી પંત દેશમુખ નામે એક ધાર્મિક ગૃહસ્થ રહેતા. બંકટે એમને યોગીરાજ વિષે વાત કરી અને તેની આંખો નિશદિન એમની શોધમાં વ્યાકુળ રહે છે, એ હકીકત પણ જણાવી. તેઓએ મદદ કરવા વચન આપ્યું.

આમ કરતાં શિવપ્રદોષનો દિવસ આવ્યો. મહાદેવના મંદિરમાં ગોવિંદબુવા ટાકલીકરનું કીર્તન, લોકોની ભારે ભીડ, શ્રી બંકટ પણ એના મિત્ર પીતામ્બર સાથે કીર્તન સાંભળવા આવેલો. ત્યાં અચાનક બધા લોકોથી દૂર એક બાજુ પર યોગીરાજને બંકટે બેઠેલા જોયા. એના આનંદની સીમા ન રહી. એ સીધો તેઓની પાસે પહોંચી ગયો ને એમનાં શ્રીચરણોમાં મસ્તક ઢાળી દીધું. ગાયને જોઈને નાનું વાછરડું હરખાય, કે આકાશમાં મેઘને જોઈને મોર નાચી ઊઠે, એવી બંકટની મનઃસ્થિતિ થઈ.

બંકટથી પુછાઈ ગયું "સ્વામીજી, કંઈ ખાવાનું લાવું ?"

સ્વામીજી બોલ્યા, "તારે જરૂરત હોય તો લઈ આવ." આથી બંકટ રાજી થઈ ગયો. નજીકમાં એક ઓળખીતી માલણનું ઘર હતું. બંકટ એને ત્યાંથી જુવારનો રોટલો ને ચણાના લોટનું શાક માગી લાવ્યો. સ્વામીજી પ્રેમથી ખાવા લાગ્યા. ખાતાં ખાતાં પીતાંબરને કહ્યું, "આ લોટામાં સામે જે નાળું વહે છે, તેમાંથી જ પાણી લાવો." પીતાંબરે કહ્યું, "એ પાણી ખૂબ ગંદું છે વળી તેમાં લોટો ડૂબે એટલું પાણી પણ નથી."

આ સાંભળી સ્વામીજી રાજી ન થયા. તેમણે આજ્ઞા કરી "હું કહું છું તેમ કરો. હાથથી લોટામાં પાણી ન નાખતા. લોટો સીધો ડુબાડીને જ લાવજો."

પીતાંબર મૂંઝવણમાં મુકાયો. તે જોતો હતો કે નાળામાં પાણી ગંદુ છે ને લોટો ડૂબે તેટલું છે જ નહિ. છતાં તેણે



નાળાના પાણીને લોટો અડાડ્યો કે તે ડૂબવા લાગ્યો. ને એના આશ્ચર્ય વચ્ચે જોયું તો લોટામાંનું પાણી સ્ફટિક જેટલું સ્વચ્છ હતું! એના આશ્ચર્યનો પાર ન રહ્યો!

સ્વામીજીની મહાન લીલા પીતાંબર સમજી ગયો. સમર્થ યોગી સિવાય આવી લીલા કોણ કરી શકે!

પાણી પીને સ્વામીજીએ સોપારી માગી. પરન્તુ તેમની પાસે ન હતી. આથી સ્વામીજીને તેઓએ સોપારી લેવા બે પૈસા આપવા માંડ્યા.

સ્વામી હસીને બોલ્યા, "તમે મને શું વેપારી સમજો છો! આ પૈસાની જરૂરત તો તમારા જેવા ગૃહસ્થીઓને પડે. તમારા લોકોની ભાવભક્તિ જ મને તો પ્રિય છે. એ તમારી પાસે હતી એટલે તો આજે આ મુલાકાત થઈ. ચાલો, હવે કીર્તન સાંભળીએ."

શ્રી ટાકલીકર મહારાજ ભાગવતના એકાદશ સ્કંધનો પૂર્વાર્ધ સમજાવી રહ્યા હતા. પરન્તુ એ જેવો પૂરો થયો કે સ્વામીજી ઉત્તરાર્ધ બોલી ગયા. આથી ટાકલીકરને ખાતરી થઈ કે ઉત્તરાર્ધ બોલી જનાર પુરુષ કોઈ સાધારણ ન હોવા જોઈએ. એમ વિચારી તે પોતે સ્વામીજી પાસે આવ્યા ને મંદિરમાં આવવા વિનંતિ કરી. પરન્તુ સ્વામીજી કંઈક નાખુશીથી બોલ્યા, "ભગવાનના ભક્તે પોતાના કથનમાં એકવાક્યતા જાળવવી જોઈએ. કેવળ પેટ ભરવા માટે હરિ-કથા કરતા રહેવું એ શોભારૂપ નથી. હમણાં જ તમારા કીર્તનમાં તમે કહી રહ્યા હતા કે ઈશ્વર સર્વવ્યાપી છે, અને મને મંદિરમાં આવવાનો આગ્રહ કરી રહ્યા છો! શું મંદિરમાં ભગવાન છે તે બહાર બીજે નથી ?"

આ સાંભળી શ્રી ટાકલીકર તો ભારે પ્રભાવિત થયા. તેમણે પોતાના કીર્તનમાં કહ્યું પણ ખરું! "શેગાંવ હવે

શેગોંવ નથી રહ્યું. પંઢરપુર થઈ ગયું છે. શેગોંવે એના આ અણુમોલ રતનને સાચવવું જોઈએ.”

સંત પુરુષની પરીક્ષા પણ સાચા ભક્ત કે જિજ્ઞાસુ જ કરી શકે છે. ટાકલીકર એવા ભાવિક કીર્તનકાર હતા એટલે જ યોગીરાજની ઉપસ્થિતિ ને ઉપદેશને સમજી શક્યા.

શ્રી ટાકલીકર કીર્તન કરવા માટે હંમેશ ઘોડા પર બેસી એક ગામથી બીજે ગામ જતા. એમનો આ ઘોડો ભારે તોફાની, તેની પાસેથી નીકળતી વ્યક્તિઓને મારતો ને ઘણી વાર બાંધેલ દોરડાને તોડીને ભાગી જતો. આથી ટાકલીકરે કંટાળી તેને માટે લોખંડની સાંકળ કરાવી હતી, છતાં ઘોડાના ધમપછાડા ચાલુ જ રહેતા.

એક દિવસ શ્રી ટાકલીકર મહારાજ કીર્તન પછી ઘોડાને એક ઝાડ સાથે બાંધીને સૂઈ ગયા. તેમને ઘોડાની આદતની ખબર હતી જ. એટલે રાતમાં પણ વારંવાર ઊઠીને તેને જોઈ લેતા. પરન્તુ આજે ઘોડો એકદમ શાન્ત હતો. તેણે જરા પણ હણહણાટ કર્યો ન હતો. આથી તેમને ભારે આશ્ચર્ય થયું! તેઓ ઘોડા પાસે આવ્યા ને જોયું તો તેના આગલા બે પગો વચ્ચે કોઈ માણસ સૂતેલો છે. છતાં ઘોડાને શાન્ત ઊભેલો જોઈ ભારે અચંબામાં પડ્યા. પાસે જઈ જોયું તો શ્રી ગજાનન મહારાજ પોતે જ સૂતેલા હતા! શ્રી ટાકલીકરે પાસે જઈ, શ્રી ગજાનન સ્વામીના પગો પર પોતાનું માથું ઢાળી દીધું. પછી બોલ્યા, “સ્વામીજી, મારો આ ઘોડો વાઘના જેટલો ભયંકર હતો. આજે આપે એને ગાય જેવો શાંત બનાવી દીધો. આપને ખરેખર ધન્ય છે. આપની કૃપા-દૃષ્ટિનો જ એ પ્રતાપ છે.”

શ્રી ટાકલીકર મહારાજ પોતાનાં કીર્તનોમાં દરેક જગાએ આ પ્રસંગ કહેતા. સ્વામીજીની કીર્તિ હવે દૂર સુદૂર સુધી પહોંચી ગઈ હતી. અનેક લોકો દૂરથી એમનાં દર્શને આવતા.



# વિશ્વભાવિ

થશે પ્રલય વિશ્વનો અસુર સંસ્કૃતિ ઊચરે
અને સરવ નાશ આ જગત ભાવિ છે આખરે.

જશે નભવિતાનમાં અસિત વાદળાં વિફરી
અને વરસશે ઝડી સતત વારિની વિસ્તરી,
પ્રચંડ અનિલો ધસી અચિત નાશ એ સાધશે
થશે કુદરતે ખરો કરુણ કેર સૌ લોપશે.

વદે અસુર જ્ઞાનીઓ જગતભાવિની વાતડી
ધ્રુજે છ સહુ માનવી પ્રલયની ગણીને ઘડી,
અહીં અણુજ બોમ્બની અગનઝાળ વર્ષા થશે
થઈ ખતરનાક એ ભુતલ ઊર્ધ્વમાંહે જશે,
ધસાવી સહુ સાગરો ગજબ નાશને નોતરી
થશે મનુજ રાક્ષસો નહિ જશે કંઈ ઊગરી;

અને પ્રલય ભાવિ આ સકળ સૃષ્ટિને ઘેરશે
ચરાચર અશેષ આ જગત આખુંયે ભુંસશે,

વિષાદ ઉર ના ધરો પુરવના વદે સંત સૌ
નહિ જ કદિ ડૂબશે પરમ ઈશ સર્જી છ નૌ-
સજાગ બની નિરખે સહમજી મશ્કરી આ બધી
મહીં અસુર સંસ્કૃતિ સફળ થાય વિશ્વે કદી.

કૃપા પરમઈશની પળપળે જગે વિસ્તરે
નહીં જ જગદીશ તો કદિય ઊંઘતો ભુસ્તરે,
કદા પ્રલય લેખ ના જગ લલાટમાં ચીતરે
ગણે જ નિજ સૃષ્ટિને પ્રણય મૂર્તિ એની ખરે.

પ્રપન્નલાલ કાજી

❋

## ગાંઠ

ગાંઠ પડી એક એવી રે સાજન !
છૂટતી નથી કે તૂટતી નથી,
છેડા દેખાય બે સાફ પરન્તુ,
સરકે-ફરકે, ખૂટતી નથી....ગાંઠ પડી.

છોડવા જાઉં તો સજ્જડ થાતી
ને તોડવા જાઉં તો તંગ !
ઝીણી દૃષ્ટિએ છેડલો ઝાલું
તો પલટે એનો રંગ.
સુતર-હીરનો ભેદ કળાય ના
વિધાતા ! આતો વછૂટતી નથી...ગાંઠ પડી.

વાલેશરીએ કાનમાં કીધું-
કો'ક અનુભવી સાધ,
છબિલા સાધ્યા, વિરલા સાધ્યા,
ઉપરથી બધી વ્યાધ !
ટાળી ટળેના, બાળી બળેના.
વેદના આ જીરવાતી નથી...ગાંઠ પડી.

## મનડા વિના બીજું શું રે ધરૂં ! — પૂર્ણિમા

ઓચિંતી આંગણામાં આવી અલબેલડી
અંબાના સ્વાગત શા શા કરું...!
ભીની મારી આંખડી, ભીની હૃદય પાંખડી
અશ્રુ અભિષેકની ધારા કરું ?...... ઓચિંતી

આત્માની અંજલી
પ્રેમની પુષ્પાંજલિ
હૈયાનો હાર માને અર્પણ કરું ...... ઓચિંતી

હરિયાળા ઉરની,
પ્રાણ કળી પુષ્પની,
પ્રેમે પધરાવી માતું પૂજન કરું ...... ઓચિંતી

મારું 'કલાપી' મન માજી તારા હાથમાં
મનડા વિના બીજું શું રે ધરું ...... ઓચિંતી



## આરતી

ગુરુદેવ હે યોગેશ્વરજી,
વંદન હો બહનામી...(૨)
યુગે યુગે પૃથ્વી પર પ્રગટ્યા,
સકળ જગતના સ્વામી...ગુરુદેવ હે.

હિમાલ મહીં પ્રેમે વસતા...(૨)
પ્રીત પુરાતન જાગી,
વિવિધ દર્શનો કર્યાં અનેરાં,
બન્યા પ્રભુ બડભાગી...ગુરુદેવ હે.

મૌનવ્રતો ઉપવાસ કરીને...(૨)
કાયાને કૃશ કીધી,
પ્રભુના પ્રેમતણી પ્યાલીને પરિપૂર્ણ પણે પીધી...ગુરુદેવ હે.

માતાને સંગાથે રાખી...(૨)
તપનાં સાક્ષી કીધાં,
સેવાનો આદર્શ સ્થાપીને કૃત કૃત કરી દીધાં...ગુરુદેવ હે..

બુદ્ધ બનીને શાંતિ દીધી...(૨)
શંકર રૂપે આવ્યા,
રામકૃષ્ણ વળી જ્ઞાનેશ્વર બની મોક્ષમંત્રને લાવ્યા...ગુરુદેવ હે.

દેશ વિદેશ સંસ્કૃતિ કેરો...(૨)
વિજય ધ્વજ ફરકાવી,
ગૌરવ વધાર્યું ભારત માતું અમે જઈએ વારી...ગુરુદેવ હે.

પ્રેમ પોકારો સુણી અમારા...(૨)
કૃપા કરી દો ભારી,
દૈવી દર્શન અર્પી અમને કરો જિંદગી ન્યારી...ગુરુદેવ હે.

અવગુણ સાગર અમે છતાંએ...(૨)
પડ્યા ચરણમાં, આવી,
સારથી બનો જીંદગી કેરા પ્રાર્થું શીશ નમાવી...ગુરુદેવ હે.

# પ્રકાશના પંથે

શ્રી યોગેશ્વરજી
સંક્ષેપક : દીપક મહેતા

## બે પ્રવાહો ને પ્રેતની વાત

પ્રેમની દશા મારા જીવનમાં એવી રીતે વધતી જ ગઈ. જગદંબાના નિરાકાર રૂપની ઝાંખી મને મારી આજુબાજુના બધા પદાર્થોમાં થવા લાગી. ગયા જન્મનું અનુસંધાન જાણે કે શરૂ થઈ ચૂક્યું. નવજાગરણની એ ક્રિયા ક્રમે ક્રમે છતાં ચોક્કસ રીતે થઈ રહી.

પ્રેમ કે ભક્તિના એ પ્રવાહની સાથે સાથે બીજો એક પ્રવાહ પણ ચાલી રહ્યો, તે પ્રવાહ ધ્યાનનો અથવા યોગનો હતો. ભક્તિના પંથ પેઠે યોગના પંથની યાત્રા પણ સહેલી ન હતી. તે યાત્રા માટે પણ જન્માંતર સંસ્કારો જ મને પ્રેરિત કરી રહ્યા.

કિશોર ને યુવાવસ્થાનાં વરસો જ એવાં વિલક્ષણ હોય છે કે તે વરસોમાં મન જે વસ્તુને પકડી લે છે તેમાં પાવરધા બનવાનો ને તેમાંથી પાર ઊતરવાનો પ્રયાસ કરે છે. ક્રાંતિના એ કાળમાં જીવનને જરૂરી આધ્યાત્મિક માર્ગ મળી ગયો તે જીવનનું સદ્ભાગ્ય હતું.

માણસોનાં મન જીવનને વધારે મહાન ને ઉજ્જવલ કરવાની આકાંક્ષાથી કેમ ભરાઈ જતાં નથી એ એક આશ્ચર્ય છે. એ આશ્ચર્ય મને તે વખતે પણ થતું. તે વખતે મારી સાથે ભણતા એક ભાઈ નારાયણભાઈ જાની મારી વાતને સમજી શકે તેમ હતા. તે સારા ગુણો ને સંસ્કારોથી સંપન્ન હતા. વળી મારા પર પ્રેમ રાખતા એટલે એમની આગળ કેટલીક વાર હું મારા દિલને ખુલ્લું કરતો.



તે વખતે હું એકલો અગાસીમાં સૂઈ રહેતો તેથી કેટલાક વિદ્યાર્થી નવાઈ પામતા. તેનું કારણ એ હતું કે અમારી સંસ્થામાં એક નહીં પણ ત્રણ ત્રણ પ્રેત રહે છે એવી વાત પરંપરાથી વહેતી આવેલી. કોઈ કોઈ વિદ્યાર્થીઓએ અને રસોઈ કરનારા ચાર મહારાજે એમનો અનુભવ પણ કરેલો. વાત એમ હતી કે સંસ્થામાં દર શુદ બારસે લાડુ બનતા જે મહારાજ રાતે જાગીને બનાવતા. એક વાર તે પોતાના કામમાં મગ્ન બનીને વાતો કરી રહ્યા હતા ત્યારે રસોડાની બારી પાસે એક પારસી ગૃહસ્થને હાથમાં કપડાનું પોટલું લઈને ઊભેલો જોયો. થોડી વારે તે પારસી ગૃહસ્થ રવાના થયો. તે દરમ્યાન એક મહારાજ બૅટરી લઈને શોધવા માંડયા પણ કંઈ દેખાયું નહીં. ફક્ત દૂરના નળ પાસેથી કપડાં ધોવાનો અવાજ આવવા માંડ્યો. મહારાજ ત્યાં ગયા ત્યારે ત્યાં કંઈ પણ ન દેખાયું અને અવાજ પણ બંધ થયો. બીજે દિવસે એ વાત સંસ્થાના વિદ્યાર્થીઓમાં વહેતી થઈ. કોઈને બીક પણ લાગી. કહે છે કે સંસ્થાનું મકાન પહેલાં એક મરાઠી બ્રાહ્મણ, એક પારસી ને એક ખ્રિસ્તીનું હતું. મરણ પછી તે ત્રણેય પ્રેત થયેલા.

આ વાતો ને એક મોટા વિદ્યાર્થીનો અનુભવ સાંભળ્યા પછી મારો એકલા સૂવાનો રસ ઊલટો વધી ગયો. લગભગ રોજ રાતે પથારીમાં બેસતાં કે સૂતાં કે આંટા મારતાં જોતો કે ભૂત દેખાય છે કે કેમ ? મને થતું કે હું તેને ઉપદેશ આપીને સન્માર્ગે વાળીશ. આવો નિશ્ચય કરી હું શાંતિથી સૂઈ રહેતો. લગભગ ત્રણેક વરસથી વધારે આમ ચાલ્યું પણ એકે દિવસ મેં પ્રેતનું દર્શન ના કર્યું ! જ્યારે મેં સંસ્થા છોડી ત્યારે મારી જેમ એક બીજા ભાઈ પણ સૂવા માંડ્યા, પણ બીજે કે ત્રીજે જ દિવસે તેમની પાસે કોઈ માણસ આવ્યો ને તેમને તમાચો મારીને "આંહી કેમ સૂતો છે ?"

કહીને ઊભો રહ્યો. તે ભાઈ ગભરાટમાં આવી જઈને નીચે હૉલમાં પથારી લઈને જતા રહ્યા. તે પછી એમણે અગાસીમાં સૂવાનું છોડી દીધું. મને મળ્યા ત્યારે વાત સંભળાવીને કહ્યું હતું કે, "એવી જગ્યામાં તમે આટલો લાંબો વખત કેમ સૂઈ શક્યા? કે પછી તમારા તરફ ભૂતને કોઈ પક્ષપાત હતો?" મેં તેમને ઉત્તર આપતાં કહ્યું કે, "ઈશ્વરેચ્છાની વાત છે. બાકી ભૂત સાથે મારે કોઈ સંબંધ કે મિત્રતા થોડી જ છે? ઈશ્વર મારી રક્ષા કરે છે તેવો મને વિશ્વાસ હતો. તેણે જ મારી રક્ષા કરી હશે. તેથી જ હું નિર્ભય ને સલામત રહી શક્યો."

મારા ખુલાસાથી તેમને આનંદ થયો, ને તેમનો મારા પરનો પ્રેમ વધી પડ્યો.

ત્યારે શું પ્રેત નામની કોઈ વસ્તુ છે ખરી? કે પછી તે માત્ર મનની કલ્પના, શંકા ને વહેમવૃત્તિ છે? તેના ઉત્તરમાં આપણે કહીશું કે જેમ મનુષ્ય-યોનિ એક યોનિ તેમ પ્રેતયોનિ પણ ચોક્કસ યોનિ છે. તે કોઈ કલ્પના, શંકા કે પરંપરાગત અંધશ્રદ્ધા અને અજ્ઞાનમાંથી ઊભી થયેલી માન્યતા કે વહેમ નથી. મનુષ્ય-યોનિ સિવાયની બીજી કેટલીય યોનિઓ આ સંસારમાં હયાત છે. એ બાબત ભારતનાં ધર્મ પુસ્તકો સૂર પુરાવે છે. મહાભારત, ભાગવત, રામાયણ અને ગીતામાં પ્રેતયોનિની હયાતીના પુરાવા પડેલા છે. શાસ્ત્રો કહે છે કે પ્રેતયોનિ કેવળ સૂક્ષ્મ શરીરે રહેનારી હોય છે. એટલે તે યોનિમાં સ્થૂલ શરીરની મદદ વિના જીવ ભોગ ભોગવ્યા કરે છે.

બને છે એવું કે બીકણ અને વહેમી લોકો ભૂતપ્રેતની ખોટી વાતો ફેલાવે છે કે અમુક ઘરમાં ભૂતનો વાસ છે તેથી તેમાં કોઈ રહી શકતું નથી. પરિણામે જે રહેવા જાય તે



બીમાર પડે છે. વળી ભૂતપ્રેતની વાતો ગામડાના અભણ લોકમાં જ ફેલાયેલ છે એમ નહીં શહેરના ભણેલા કહેવાતા લોકોનો પણ તેને ટેકો છે. પશ્ચિમના દેશોમાં ને આપણે ત્યાં પણ કેટલેક ઠેકાણે મૃતાત્માઓ ને પ્રેતાત્માને બોલાવવાની ને તેમની સાથે વાત કરવાની વિદ્યા પ્રચલિત છે. તેનું ખાસ વિજ્ઞાન છે. માણસનું જ્ઞાન અને અનુભવનું ક્ષેત્ર એટલું અલ્પ છે કે સંસારનાં કેટલાંય રહસ્યોનો ઉકેલ તે હજી બરાબર કરી શક્યો નથી. માટે કોઈ વસ્તુને નિરર્થક ઠરાવવાનું સાહસ ઠીક નથી. તો પણ એ વાત તો નક્કી કે કેટલીક વાતો લોકોએ ઉપજાવેલી ને કેટલીક રજનું ગજ કરીને મીઠુંમરચું ભભરાવીને વધારી મૂકી હોય છે. આથી માણસે બધી દશામાં વિવેક કરવાની જરૂર છે. બીજી મહત્ત્વની વાત એ છે કે ભૂતપ્રેતની વાત ગમે તેટલી સાચી હોય તો પણ માણસે તેથી નાહિંમત કે ડરપોક બનવાની જરૂર નથી. તે વાતોની નબળી અસરથી મુક્ત રહી નીડર ને શુરવીર બનતાં શીખવું જોઈએ.

## એકલે હાથે

જેનામાં સત્ય છે, પ્રેમ છે ને પવિત્રતા છે તેને કચડી નાખવાને સમર્થ હોય એવું એક પણ બળ આ સંસારમાં નથી. આ ત્રણે ગુણોથી બળવાન બનેલો એક જ આત્મા આખી પૃથ્વીને હલાવી કે ધ્રૂજાવી શકે છે; અને એની સામે એકલે હાથે ટક્કર લઈ શકે છે.

—સ્વામી વિવેકાનંદ

# ભગવાન બુદ્ધનો મધ્યમ માર્ગ

શ્રી બળવંતરાય ડી. રાવલ

ભગવાન બુદ્ધનો જન્મ રાજા શુદ્ધોધનને ત્યાં થયો હતો. જન્મતાં જ જોશીઓએ જોશ જોયા કે "કુમાર ચક્રવર્તી થશે અથવા તો ધર્મચક્ર ધારણ કરી ધર્મનો પ્રચાર કરશે."

રાજાએ કુમાર માટે ઋતુઋતુના મહેલો બંધાવ્યા. એક પણ દુર્મુખ નોકર રાખ્યો નહીં અને સમાજની કોઈ પણ દુખદ છાપ કુમારના માનસપટ પર પડે નહીં એટલે સમાજથી અલિપ્ત રાખ્યા.

વિધાતાના લેખ કોઈ મિથ્યા કરી શકતું નથી. એક દિવસે પોતાના સારથીને લઈને બુદ્ધ બહાર નીકળ્યા. પરિવર્તન માટે એક જ પ્રસંગ બસ હોય છે, એને બદલે અહીંયા પ્રસંગોની હારમાળા સર્જાણી. દુઃખી જોયો, વૃદ્ધ પુરુષ જે નબળી કાયા સાથે પસાર થતો હતો તેને જોયો. અને છેલ્લે ડાઘુઓથી લઈ જવાતી નનામી જોઈ. આ શરીરને જરા અને મૃત્યુ અનિવાર્ય છે એવું જ્ઞાન કુમારને છવ્વીસમે વર્ષે થયું.

ચિત્ત ચગડોળે ચડ્યું. વહાલી પત્ની યશોધરા અને પુત્ર રાહુલ પ્રત્યેનાં જે સ્નેહનાં બંધનો હતાં એ સરકવા લાગ્યાં. જેનો ઉદ્ધાર ન કરી શકાય તેનો ઉપયોગ કેમ કરાય? આ પ્રશ્ન મનની એરણ ઉપર ટીપાવા લાગ્યો.

એક રાત્રે ઘણા જ મનોમંથન બાદ બુદ્ધે ગૃહત્યાગ કર્યો. ચિત્તની શાંતિ માટે લોકોથી દૂર રહી સાધનામાં રત રહ્યા. વર્ષોની સાધના બાદ ચિત્તની શાંતિ મળી. બુદ્ધને બોધિગયામાં આત્મજ્ઞાન થયું. જ્ઞાનની જ્યોત જાગી ઊઠી. સંસારના જીવોના કલ્યાણ માટે હૃદય આતુર બન્યું. લોકોને ધર્મબોધ કરી જીવનને અને બીજા જન્મને સુખી કરવા તાલાવેલી લાગી.



એક નદીના પટમાં રેતી ઉપર શાંતિથી ભગવાન બુદ્ધ વિચારતા હતા. સમાજની સાથે રહેવાનો પ્રસંગ ક્યારે પણ આવ્યો નથી. બાલ્યકાળ સુખની છોળો વચ્ચે પસાર થયો. યૌવન ભોગવિલાસમાં પસાર થયું. ઘર છોડીને જંગલમાં વાસ કર્યો, એ પણ નિર્જન અરણ્યમાં. લોકો સાથે કેવી રીતે ભળવું, કેવું વર્તન કરવું એનાથી તદ્દન અજાણ છું.

એ નદીના પટમાં થોડે દૂર એક વારાંગનાનો તંબૂ હતો. રાતની મહેફિલ માટે ઉસ્તાદ સારંગીના તારના સૂર મેળવતો હતો. બુદ્ધ ત્યાંથી પસાર થતા હતા ત્યાં વારાંગના તંબૂની બહાર નીકળી અને ઉસ્તાદને કહ્યું, "ઉસ્તાદજી તાર એટલા બધા ખેંચતા નહીં કે મહેફિલની વચ્ચે તાર તૂટે અને સૂર અને સાજની સંગત તૂટે, એટલા બધા ઢીલા પણ ન રાખતા કે સૂર બેસૂર નીકળે."

ભગવાનને કાને આ શબ્દો પડ્યા કે તરત જ તેના પ્રશ્નનું નિરાકરણ થઈ ગયું. પેલી વારાંગના પાસે જઈ કહ્યું, "તમે મારા ગુરુ થવા યોગ્ય છો. એક મહાન પ્રશ્નનું નિરાકરણ તમે કરી આપ્યું છે."

સમાજની સાથે ભળતા પતિ-પત્ની, પિતા-પુત્ર, મા-દીકરો ભાઈ-ભાઈ, ભાઈ-બહેન એ દરેક સામાજિક સંબંધોમાં આપણે ઉપરનું સૂત્ર અમલમાં મૂકીએ તો ઘણાં સંઘર્ષ ઓછા થઈ જાય. આ સંબંધોમાં એટલું બધું ન તાણવું જેથી તૂટી જાય, અને એટલું બધું ઢીલું ન રાખવું જેથી બોદો અવાજ આવે.

આનું જ નામ મધ્યમ માર્ગ. જે મધ્યમ માર્ગનો ઉપદેશ બુદ્ધે કર્યો અને ભારતના કરોડો લોકોએ એ ધર્મને હોંશે હોંશે સ્વીકાર્યો.

# આર્તનાદથી પ્રાર્થના ફળે છે

લેખક : ગુણવંતબા હિંમતસિંહજી રાણા

આ વરસે એટલે સને ૧૯૮૦ સંવત ૨૦૩૬ના બીજા જેઠ માસમાં પોરબંદરમાં બારે મેઘ ખાંગા થયા હતા. પાણી ક્યાંય માતાં ન હતાં. સારા સૌરાષ્ટ્ર ઉપર મેઘતાંડવ નાચતું હતું. હજારોની કિકીયારીઓ સંભળાતી હતી. ઘેરઘેર રેડિયા લઈને માણસો બેસતા હતા. સૂર્યનારાયણનો પત્તો ન હતો.

અમારું બે માળનું પાકું મકાન હતું. ત્રીજે માળે એક રૂમ હતો. તેના ઉપર નળિયાં હતાં. પોરબંદર ઉપર ત્રાટકેલા વાવાઝોડાથી છાપરાં ખખડી ગયાં છે, ત્યારે અમારા છાપરાને ઘણું નુકસાન થયેલું. નવાં નળિયાં નખાવ્યાં પણ તે કાચાં નીકળ્યાં, બધાં તૂટી ગયાં. જૂના નળિયાંના કટકા ફીટ કરી ચલાવ્યું છજાનાં જ તુટેલાં હતા.

આ વરસે બારે મેઘ ખાંગા થશે તેવી કલ્પના નહિ. છાપરાનાં અનેક નળિયાં વરસાદની જાડી ધારે તોડી પાડ્યાં. પાણીની ધારાઓ રૂમમાં પડવા લાગી. રૂમ પાણીથી ભરાઈ ગયો ને દાદરાથી નીચે પાણી પડવા લાગ્યું. હું મુંઝાણી છતાં હિંમત રાખી સાવરણો લઈને પાણી કાઢવા લાગી. પાણી કાઢી કાઢી થાકી જઈએ એવું થયું.

રોજ રેડિયા ઉપર ને છાપામાં વરસાદના સમાચાર જાણી છાતી બેસી જાય.

અનેક બંધો, તળાવો છલકાણા, ઘણાં તળાવો તૂટયાં સતત વરસાદ ચાલુ જ રહે, પોરો ખાય નહિ. લોકો ત્રાંસી ગયાં.

સખત પરિતાપને ચિંતામાં ભોજન ભાવે નહિ. રાતે નિદ્રા આવે નહિ. રાતે ઊઠી ઊઠીને પાણી કાઢવાં પડે. ત્રણ ત્રણ



ભોંય ભીની, ક્યાં રહેવું ? પાણી પાણી. શાળાએ જઉં ત્યારે ભીને કપડે, રસ્તો ખૂટે નહિ. રસ્તે ને શાળાના મેદાનમાં જોરદાર પાણી ભરાઈ ગયાં.

શાળાનો એક વિશાળ કાય ઘેઘુર લીંબડો ઉથલી પડ્યો ઘરમાં ક્યાંય ગમે નહિ. રેડિયો લેતી હતી તેમાં સમાચાર આવ્યા કે હસના ડેમ તુટવાની સંભાવના છે. આજુબાજુના ગામડાંવાળાઓને ચેતવણીઓ અપાઈ. સાંભળતા જ મને આઘાત લાગ્યો. બે હાથ ઊંચા કરી પ્રભુ આગળ હું આરદા કરવા લાગી. હે, પ્રભુ બંધને બચાવજો. બપોર પછી પોરબંદરમાં બારે મેઘ ખાંગા થયા ને મારું હૃદય પોકારી ઉઠયું !

"હે જગદીશ્વર ! હે પ્રાણાધાર ! હે મારા રામ ! હે દયાળુ પ્રભુ ! સહાય કરો. પ્રભુ તારી સૃષ્ટિ છે. તેં જીવો બનાવ્યા છે. મારવા કાં બેઠો પ્રભુ ! તારી આગળ અમારી શક્તિ કઈ ? અમે શું કરી શકીએ ! હે નાથ ! હે મારા વહાલા પ્રભુ ? હે મીરાંના ગોપાળ, નરસિંહના સ્વામી, નંદનાલાલ, દયા કરો, રક્ષા કરો. પ્રભુ ! માનવીનું શું ગજું ? અમે ક્યાં જઈએ ? હે પ્રભુ ! હે કૃષ્ણ કાનુડા, ગોકુળને બચાવનાર, ગોવર્ધન પર્વત તોળીને લોકોને બચાવ્યા હતા. અમને પણ બચાવો. પ્રભુ, અમે ક્યાં જઈએ ? તારો આધાર છે. હે નોધારાના આધાર પ્રભુ ! દયા કરો. હું રડી પડી. હે પ્રભુ ! પોરબંદરને બચાવો. મારા ગામને બચાવો. પ્રભુ ? હું તો રાંકના પગની રજ છું. મારી અલ્પ બુદ્ધિ છે. મારું શું ગજું ? તોય પ્રભુ ખરા ભાવથી આપને વિનંતિ કરું છું. મારા પોરબંદરને બચાવો. પ્રભુ આ વરસાદને લઈ જાવ. આખા ગામ માટે પ્રાર્થના કરું છું. હેપ્રભુ ? બચાવો ! બચાવો ! હું ધ્રૂજી ઊઠી ! મારા શ્વાસોચ્છ્વાસની ગતિ વધી ગઈ. ગભરાટ અને ભયથી હું વ્યાકુળ બની ગઈ. બાવરી બની ગઇ. મારું હૃદય ભરાઈ ગયું. હું રડવા લાગી. બે હાથ ઊંચા કરી કરીને પ્રભુને વિનવવા લાગી:

મારાં કુળદેવી ચામુંડામાતાજીને પોરબંદરના રક્ષણહાર રોકડિયા હનુમાનજીની માનતા લીધી. રક્ષા કરો પ્રભુ રક્ષા કરો. દયા કરો, પ્રભુ દયા કરો. માનવીની ભૂલો ભૂલી દયા કરો. માનવીના પાપ માફ કરો. હે પ્રભુ! હું મારા ગજા બહારની વાત કરી રહી છું. પણ હે પ્રભુ! ઇતિહાસ પુરાણ-માં અનેક દાખલાઓ છે કે કોઈ ખરા ભાવથી પ્રભુપ્રાર્થના કરે તો અનેકને તારે છે. હે પ્રભુ! મારા જેવા અનેક પ્રાર્થના કરતા હશે. હે તારણહાર, હે નાથ! બધાની પ્રાર્થના સાંભળો. સહાય કરો. સહાય કરો. ખૂબ પ્રાર્થના કરી. છેવટે વરસાદ ધીરો પડી ગયો. હું રાજી થઈ. હાશ! ભગવાને મહેર કરી.

પણ....પણ....બીજે દિવસે વળી પાછા બારે મેઘ ગાંડા-તૂર થઈ ને તૂટી પડ્યા. સારું શહેર જળ બંબાકાર કરી મૂક્યું. ગઈ કાલે પ્રભુ તેં લાજ રાખી. હવે આજ શું કરવું? હું સ્તબ્ધ થઈ ગઈ. શું કરવું? સામેની ઓરડી ઉપર નજર ગઈ. ત્યાં એક માજી રહે, જાતે બ્રાહ્મણ ને તેમનો દીકરો બન્ને અંદર હતા. માથે નાળિયેરી ઝપાટા લેતી હતી. મેઘલી રાત, ઘોર અંધકાર, પાવર ચાલ્યો ગયો હતો. ચારે બાજુ ઘોર અંધકાર. વરસાદની ઝમઝટ, જોરદાર પવન.

અરેરે...માજીનું શું થશે? અમે રાડો પાડી:

"માજી! અહીં આવતા રહો."

માજી બોલ્યા, જે થવાનું હશે તે થાશે. તમે ચિંતા ન કરો. ભગવાને ધાર્યું હશે તે થશે! માજીને પ્રભુ પ્રત્યે અડગ શ્રદ્ધા. માજી ભારે હઠીલા, આવ્યાં નહીં ને હું પોકારી ઊઠી.

વરસાદ—વરસાદ–હે ભગવાન! હે મેઘરાજા, ખમૈયા કરો. મનમાં બોલતી જાઉં ને બીતી જાઉં કે શું થશે! પ્રભુએ શું ધાર્યું છે? આ માજી આવે નહિ ને શું થશે? હેભ ગવાન લાજ રાખજે. કોણ જાણે કેટલુંય બબડતી રહી. કાંઈ ભાન રહ્યું



નહિ. બે કલાક આ ભયંકર તોફાન ચાલ્યું. પછી વરસાદ સાવ મંદ પડી ગયો.

સવારે રેડિયો લીધો તો હસનાપુર ડેમ સલામત હતો. હે જગપતિ! તમે દયાળુ છો. અમે તમારાં બાળક છીએ. ભૂલચૂક માફ કરશોજી. માજી ને નાળિયેરી બચી ગયાં. હસન-પુર ડેમ બચી ગયો. આર્તનાદની પ્રાર્થના ફળે છે.

વરસાદ રહી ગયો ને રોજિન્દું કાર્ય શરૂ થઈ ગયું.

## ઈશ્વરઅનુભવ કરવા યોગ્ય છે

ઈશ્વરને સમજાવી શકાય નહિ. એની ચર્ચાયે ન કરી શકાય. એના સંબંધી સિદ્ધાંતો બાંધી કે વાદવિવાદ ન કરી શકાય.

બુદ્ધિશાળી લોકોને સંતોષવાના ઉદ્દેશથી ઈશ્વર વિષે જે કાંઈ કહેવામાં આવે તે કથન અથવા તો સ્પષ્ટીકરણ હંમેશાં અપૂર્ણ જ રહેવાનું કારણકે આખરે તો માણસે પોતે સત્યનો સાક્ષાત્કાર કરવો જોઈએ ને દિવ્ય જીવનને જાતે જીવવું જોઈએ.

ઈશ્વરને આપણી બુદ્ધિથી સમજવામાં જીવનનું ધ્યેય પૂરું નથી થતું. જીવનનું ધ્યેય ઈશ્વરનો અનુભવ કરવો તે છે. એટલું હંમેશ યાદ રાખવાનું છે.

—શ્રી મહેરબાબા

# અજબ નિસ્પૃહી જલારામબાપા

જૂનાગઢના નવાબ એક વાર રાજકોટ પોતાના રસાલા સાથે મોટા સરકારને મળવા જતા હતા.

માર્ગમાં વીરપુર આવે. તે વખતે ભક્ત જલારામ વીરપુરમાં હતા અને રસ્તે જતા આવતા મુસાફરોને રોજ રોજ રામનો પ્રસાદ પ્રેમપૂર્વક આપતા રહેતા. એક વાર નવાબ પણ રસાલા સાથે વીરપુરના પાદરેથી નીકળ્યા કે ભક્તજીએ ટોપલીમાંથી લાડુ ને ગાંઠીયા આપવા માંડ્યા. પરંતુ આટલા બધા માણસોને એક ટોપલીમાંથી લાડવા પહોંચે જ શી રીતે? સૌ જોનારાઓ તેમ જ લેનારાઓને એ વાતનું ભારે આશ્ચર્ય થયું! આમ ને આમ એ વાત ખુદ નવાબસાહેબના કાને પહોંચી. નવાબે પણ ખાત્રી કરી. અંતે વાત સાચી ઠરી.

આથી સરકારે પોતાના ખાસ તંબુમાં ભક્તશ્રી જલારામજીને બોલાવી માનપૂર્વક બેસાડયા. પછી બાપાને ગામ ગરાસ આપવા કહ્યું, પરંતુ બાપાએ જવાબ આપ્યો, "ગામ–ગરાસને હું શું કરું? મારે એ ના જોઈએ. મારો ગરાસ તો મારો ઠાકર રામજી."

ખૂબ સમજાવવા છતાં બાપા એકના બે ન થયા. આખરે સરકારે ગુંદાળા ગામના માણા માપા બાંધી આપ્યા. આ ગામમાંથી પહેલાં ભક્તજીના માણા માપા નીકળે, પછી જ સરકારના કોઠારે અનાજ જાય, એવો પ્રબંધ થયો.

ભક્ત જલારામ બાપા એટલે અન્નદાનનો મહિમા સમજાવતા પ્રભુનું સાકાર સ્વરૂપ. કેવી અજબ એમની નિઃસ્પૃહતા!



# મને અધ્યાત્મ માસિક શા માટે ગમે છે?

શ્રી જમિયતરામ જે. શુક્લ

અધ્યાત્મ માસિક હાથમાં આવે છે અને પછી પૂરું કર્યા વિના હાથમાંથી મૂકાતું જ નથી. વાંચતા વાંચતા આખુ માસિક વંચાઈ જાય ત્યારે પણ એવી લાગણી થયા કરે છે કે હજી પણ જાણે વધારે પાનાં વાંચ્યા કરવાનાં હોય તો કેવું સારું! પણ ત્યાં તો જાહેરખબરનાં પાનાં આવી પહોંચ્યાં હોય. અધ્યાત્મ માસિકના આટલા બધા આકર્ષણનું કારણ શું? મને તો એક જ કારણ મહત્ત્વનું જણાય છે. અને તે એ છે કે આ માસિકમાં આવતા તમામ લેખો અનુભવના બોલ છે. જીવનમાંથી સીધા આવતા પ્રસંગો છે. એ પ્રસંગો સાથે મન તાદાત્મ્ય સાધે છે. જે પ્રસંગોનું વર્ણન ચાલતું હોય તેમાંથી ખૂબ ખૂબ પ્રેરણા, પ્રોત્સાહન અને ધીરજ તથા ઉત્સાહ મળે છે. માનવી અપૂર્ણ છે. માનવીને તેની પોતાની ઘણી બધી મર્યાદાઓ હોય છે અને આવી મર્યાદાઓવાળો માનવી ક્યારેક વિચારતો હોય છે કે અધ્યાત્મ માર્ગે તો બહુ મોટા વિચાર ધરાવનાર જ જઈ શકે, આપણું એમાં ગજું નહિ, આપણી તાકાત નહિ, પણ જ્યારે અધ્યાત્મ માસિકના લેખોમાં સામાન્ય પ્રસંગોનું વર્ણન બિલકુલ દંભ કે આડંબર કે અભિમાન વિના વર્ણવવામાં આવે છે ત્યારે વાચકને લાગે છે કે આવું બધું તો હું પણ અનુભવું છું. આ પ્રકારના અનુભવોથી જો અધ્યાત્મ માર્ગે પ્રયાણ થઈ શકતું હોય તો તેને માટે મારામાં પણ યોગ્ય ભૂમિકા તૈયાર છે–અને આ રીતે પ્રોત્સાહિત બનીને વાચક પોતે પણ પોતાના જીવનમાં આધ્યાત્મિક માર્ગે પોતાની

રીતે પ્રયાસ કરવા માટે કટિબદ્ધ બને છે અને તેમાં સફળ પણ થાય છે. પૂ. યોગેશ્વરજીએ જ્ઞાનના પ્રકાર વિષે લખ્યું. તેમાં એમણે જે જણાવ્યું છે તે મુજબ બૌદ્ધિક જ્ઞાન અને તેનું પ્રદર્શન જ મોટે ભાગે બધે નજરે પડતું હોય છે અને તે હૃદયને સ્પર્શતું પણ હોતું નથી. જ્ઞાનની ચર્ચા તો બધા જ કરે છે. દુનિયાભરના તત્ત્વજ્ઞાનની ચર્ચા સાથે દુનિયાભરના વિદ્વાનોનાં મોટાં મોટાં અવતરણો પણ રજૂ થતાં હોય છે. એ જ્ઞાનની ચર્ચા સારી પણ લાગે. તેમ છતાં તેમાંથી કોઈ પરિણામ આવતું નથી. જ્યાં સુધી અનુભવની વાણી હોતી નથી ત્યાં સુધી તેની સાચી અસર જ ઉત્પન્ન થતી નથી. આજે અલંકારયુક્ત વૈવિધ્યવાળી ખૂબ ઊંચી ભાષા તો આપણે કેળવી છે અને એ ઉચ્ચ સંસ્કારી ભાષા આપણને સાંભળવી ગમે પણ ખરી. પણ એ સાંભળતા હોઈએ ત્યાં સુધી જ સારું લાગે પછી તેની કોઈ છાપ મન પર રહેતી નથી. જ્યારે અનુભવની વાણી કાયમની છાપ મૂકી જાય છે અને જીવનમાં પરિવર્તન લાવે છે. ગાંધીજીનું સાહિત્ય અનુભવથી જ પરિપૂર્ણ છે, એટલે ગાંધીજીના શબ્દો વાંચતાં પવિત્રતા જાગે છે. તેવી જ રીતે અધ્યાત્મ માસિકના કોઈ પણ પાનાનું કોઈ પણ Matter વાંચતાં હૃદયમાં પવિત્રતાની ભાવના જાગે છે. જીવન રોજ જિવાતું જાય છે. જીવનમાં સચ્ચાઈ હોય છે ત્યારે એ જિવાતા જીવનના અનુભવો શબ્દદેહ ધારણ કરે છે ત્યારે એક અજબ પ્રકારની ચેતના જગાડે છે. શાસ્ત્રોમાં જેની ચર્ચા કરવામાં આવી છે તે વિષયોની સમજણ આપનારા લેખો પણ આવકાર્ય છે તેનાથી ઘણું જાણવાનું મળે છે. અને વાચકના મનની ઘણી શંકાઓનું નિવારણ થાય છે. પણ એ શાસ્ત્રીય ચર્ચાઓથી જીવન ઘડાતું નથી. જ્યારે વ્યક્તિગત જીવનના સાચા અનુભવોનું નિરૂપણ જેમાં થયેલું હોય છે તે વાંચવાથી એક



નવો રાહ પ્રાપ્ત થાય છે અને તે જીવનમાં પરિવર્તન લાવે છે. આજે જો કોઈ વધારે અગત્યની અને મહત્ત્વની જરૂર હોય તો તે Trasformation of Lifeની છે. મને વિશ્વાસ છે કે અધ્યાત્મ માસિક આ Transformationનું કાર્ય ખૂબ સબળ રીતે કરી રહ્યું છે. જાણતાં-અજાણતાં, કોઈ પણ જાતની સંભાળતાનો ખ્યાલ રાખ્યા સિવાય અધ્યાત્મનું એક Standard બંધાઈ ગયું છે, એક Imege તૈયાર થઈ ગઈ છે. અધ્યાત્મ માસિકની ઉજ્જવલ પ્રકાશમય ચિરંતન પ્રગતિની ઝંખના કરતો વિરમું છું.

## આત્મનિરીક્ષણ શા માટે ?

પ્રકૃતિ ને પ્રવૃત્તિમય સંસારનું સ્વરૂપ છે જ એવું મધુર સરસ ને આકર્ષક કે વાત નહિ. ભલભલા ધીર, વીર, જ્ઞાની ને પંડિત એમાં મોહાઈ, ફસાઈ ને ભાન ભૂલી જાય છે. જેના ઉપર ઈશ્વરની કૃપા હોય છે, સંત પુરુષોની અમી દૃષ્ટિ હોય છે, ને જે સદા સાવધાન ને જાગૃત હોય છે, તે જ એનાથી અલિપ્ત રહી શકે છે–બચી શકે છે. એ માટે જ સંતો ને શાસ્ત્રોએ વારંવાર સાવધ રહેવાની તેમ જ આત્મનિરીક્ષણ કરવાની ભલામણ કરી છે.

—શ્રી યોગેશ્વરજી

# श्री ईशावास्योपनिषद्

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः

પૂર્ણ તે પૂર્ણ છે આ ને પૂર્ણથી પૂર્ણ નીપજે,
પૂર્ણથી પૂર્ણ લેતાં યે બાકી પૂર્ણ રહે સદા!

ईशावास्यमिदँसर्वं यत्किञ्च जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथाः मा गृधः कस्यास्विद्धनम् ॥-१

ઈશથી વ્યાપ્ત આખું આ વિશ્વ બ્રહ્માંડ સર્વમાં,
આસક્તિહીન ત્યાગી તે ભોગવો, ધન કોનું છે?

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः ।
एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे ॥-२

કર્મો કરી કરી આંહી જીવવું વર્ષ સો લગી,
એમ ન લેપતાં કર્મો તારામાં, માર્ગ અન્ય ના!

असुर्या नाम ते लोका अन्धेन तमसाऽऽवृताः ।
तांस्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनो जनाः ॥-३

અસુર નામની યોનિ વ્યાપ્ત છે અંધકારથી,
આત્મઘાતી જનો સર્વે જતાં ત્યાં જ મર્યા પછી!

अनेजदेकं मनसो जवीयो नैनद्देवा आप्नुवन् पूर्वमर्षत् ।
तद्धावतोऽन्यान्नत्येति तिष्ठत् तस्मिन्नपो मातरिश्वा दधाति ॥-४

નિષ્કંપ, એક, મનથી ય વેગીલું,
દેવો ન પ્હોંચે, બહુ દોડનારને.
ઊભું રહી પાછળ પાડી દેતું,
તેના વડે વાયુ શ્વસે સમર્થ!

तदेजति तन्नैजति तद्दूरे तद्वन्तिके ।
तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः ॥-५



તે ચાલતું છતાં ઊભું, દૂર છતાંય પાસ તે,
સમાયું સર્વની માંહી તથાપિ બહાર સર્વની!

यस्तु सर्वाणि भूतानि आत्मन्येवानुपश्यति ।
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥-६

આત્મમાં સર્વ ભૂતોને નિહાળે જે અને વળી,
સર્વ ભૂતો મહીં આત્મા, તે ઘૃણા કરતો નથી!

यस्मिन्सर्वाणि भूतानि आत्मैवाभूद्विजानतः ।
तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥-७

સર્વ ભૂત વળી જેમાં આત્મરૂપ બને પછી,
શોક, મોહ નહીં શેના એકતા પામનારને?

स पर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरँशुद्धमपापविद्धम् ।
कविर्मनीषी परिभूः स्वयम्भूर्याथातथ्यतोऽर्थान्
व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः ॥-८

તે પામતો છિદ્રવિહીન, શુદ્ધ,
અકાય ને સૂક્ષ્મ, અપાપ વિદ્ધ,
સર્વજ્ઞ, દ્રષ્ટા, પરિભૂ, સ્વયંભૂ,
અર્થો બધા શાશ્વત યોગ્ય સાધ્યા!

अन्धंतमः प्रविशन्ति येऽविद्यामुपासते ।
ततो भूय इव ते तमो य उ विद्यायाँ रताः ॥-९

અવિદ્યાને ઉપાસે તે પ્રવેશે અંધકારમાં,
તેથી યે વધુ અંધારે વિદ્યાસક્ત પ્રવેશતાં!

अन्यदेवाहुर्विद्ययाऽन्यदाहुरविद्यया ।
इति शुश्रुम धीराणां ये नस्तद्विचचक्षिरे ॥-१०

અન્ય છે ફળ વિદ્યાનું, અવિદ્યાનું ય અન્ય છે,
સુણ્યું એવું ગુરુ પાસે જેમણે શીખવ્યું હતું?

विद्यां चाविद्यां च यस्तद् वेदोभयं सह ।
अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ॥-११

વિદ્યા અને અવિદ્યાને જાણે એક સાથ જે,
તરે મૃત્યુ અવિદ્યાથી, વિદ્યાથી અમૃત પામતો !

अन्धं तमः प्रविशन्ति येऽसंभूतिमुपासते ।
ततो भूय इव ते तमो य उ संभूत्यांरताः ॥–१२

નિરોધને ઉપાસે તે પ્રવેશે અંધકારમાં,
તેથી યે વધુ અંધારે પ્રવેશતાં વિકાસીઓ !

अन्यदेवाहुः संभवादन्यदाहुरसंभवात ।
इति शुश्रुम धीराणां ये नस्तद्विचचक्षिरे ॥–१३

ફળ નિરોધનું નોખું, નોખું વિકાસનુંય છે,
સુણ્યું એવું ગુરુ પાસે જેમણે શીખવ્યું હતું !

[1]संभूतिं च विनाशं च यस्तद्वेदोभयंसह ।
विनाशेन मृत्युं तीर्त्वा संभूत्यामृतमश्नुते ॥–१४

એકી સાથે પિછાણે જે નિરોધને, વિકાસને,
નિરોધથી તરે મૃત્યુ, પામે અમૃત વિકાસથી !

૧ ઉપરોક્ત છ શ્લોકોમાં અવિદ્યા, વિદ્યા તેમ જ અસંભૂતિ, સંભૂતિની વાતો કરવામાં આવી છે. અવિદ્યા એટલે અવિદ્યાના ઓછાયા તળે કરવામાં આવતાં તમામ કર્મો. વિદ્યા એટલે માત્ર નિવૃત્તિનો ઉપદેશ આપનારું જ્ઞાન. અસંભૂતિ એટલે નિરોધ કે જે દ્વારા ઇન્દ્રિયોને કાબૂમાં લેવાનો માત્ર પ્રયાસ કરવામાં આવે, અપવાસ કરી વ્રતો કરવામાં આવે, દિવસો સુધી એક પગે ઊભા રહી તપ કરવામાં આવે પણ મનને દિવ્ય બનાવવા માટે વિચાર કરવામાં ન આવે તે. સંભૂતિ એટલે માત્ર વિકાસની વાતો. ભૌતિક સમૃદ્ધિને વિકાસ ગણી તે માટે જીવન હોડમાં મૂકનારાઓ સુખશાંતિ પામી શકતા નથી. વિદ્યા અને અવિદ્યાનો તેમ જ સંભૂતિ અને અસંભૂતિનો સમન્વય જ શ્રેયસ્કર છે.



हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥–१५

સોનેરી ઢાંકણે ઢાંક્યું સત્યનું મુખ હે પૂષન્,
ઉઘાડી દો મને તેનાં દર્શન ભદ્ર કરાવવા !

पूषन्नेकर्षे यम सूर्य प्राजापत्य व्यूह रश्मीन्समूह ।
तेजोयत्ते रूपं कल्याण तमं तत्ते पश्यामि
योऽसावसौ पुरुषः सोऽहमस्मि ॥–१६

પૂષન્ હે, જ્ઞાનસ્વરૂપ હે યમ,
હે સૂર્ય, હે પુત્ર પ્રજાપતિના,
તારાં લઈ લે કિરણો સમેટી;
સુભદ્ર તારું રૂપ જોઉં છું હું–
પુરુષ જે ઉત્તમ તે જ છું હું !

वायुरनिलममृतमथेदं भस्मान्तं शरीरम् ।
ॐ क्रतो स्मर कृतं स्मर क्रतो स्मर कृतं स्मर ॥–१७

એક થા પ્રાણ ચૈતન્યે, રાખ હો આ શરીરની !
યાદ કર કરેલું તું, કરેલું જીવ યાદ કર !

अग्ने नय सुपथा राये अस्मान
विश्वानि देव वयुनानि विद्वान ।
युयोध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठां
ते नम उक्तिं विधेम ॥–१८

લઈ જાઓ સુપંથે હે અગ્નિ ! આનંદની ભણી,
અમોને, આપ જાણો છો અમારાં સર્વ કર્મને !
દોરનારાં ઊંધે રસ્તે તત્ત્વો દૂર કરો બધાં,
વારંવાર નમસ્કારો કરીને કહીએ અમો !

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः

# પરમ પૂ. શ્રી યોગેશ્વરજીના ગુરુપૂર્ણિમા ને જન્મદિન ઉજવણીના સમારંભો

પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી ઘણાં વર્ષો પછી ગુરુપૂર્ણિમાના દિવસે તેમ જ તેઓશ્રીના જન્મદિન પ્રસંગે (૧૫મી ઓગષ્ટે) ગુજરાતમાં હતા. આ તકનો લાભ લઈ વડોદરામાં ગુરુપૂર્ણિમાનો ઉત્સવ તેમ જ અમદાવાદ ખાતે જન્મદિનની ઉજવણી તેઓશ્રીના ભાવિક ભક્તોએ કરી.

વડોદરા ખાતે ગુરુપૂર્ણિમાના દિને શ્રી યોગેશ્વર સત્સંગ મંડળ તેમ જ સેવાભાવી શ્રી જીતુભાઈ ગાંધીના સહકારથી અલકાપુરી અરુણોદય હોલમાં સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ગુજરાત ભરમાંથી દોઢસો જેટલા ભાવિક ભક્તો ઉત્સવ નિમિત્તે વડોદરા આવ્યા ને ગુરુદેવ શ્રી યોગેશ્વરજીનું તેમ જ પ. પૂ. શ્રી સર્વેશ્વરીનું પૂજન વગેરે કરી, એઓશ્રીના આશીર્વાદ માગ્યા. આધ્યાત્મિક માર્ગમાં ગુરુનું માર્ગદર્શન કેટલું બધું ઉપયોગી તેમ જ પથદર્શક બને છે, તે આ માર્ગના સહપ્રવાસીઓ જાણે છે.

ભારતીય શાસ્ત્રોમાં ગુરુનો મહિમા ઘણો મોટો દર્શાવવામાં આવ્યો છે. તેનું કારણ એ છે કે જે કામ દુનિયાની કોઈ પણ ભૌતિક વસ્તુથી સાધી શકાતું નથી, તે આત્મા કે ઈષ્ટની ઓળખ કરાવી આપવાનું કે એના માર્ગે વાળવાનું કામ ગુરુ કરે છે. એટલે આજના પર્વની ઉજવણી એ શિષ્યોના ગુરુ પ્રત્યેના ઋણ સ્વીકારની કહો કે ગુરુએ ચીંધેલ માર્ગે થયેલ પ્રગતિની સમીક્ષા કરવાના દિન તરીકેની ગણાવી શકાય. લગભગ પાંચસો જેટલા ઉપસ્થિત ભાઈ-બહેનોને ગુરુદેવે આશીર્વાદ આપી, મનુષ્ય જીવનનો ઉપયોગ પ્રભુને પામવા માટે, તેમ જ બીજાની સેવા માટે કરવા અનુરોધ કર્યો.



સાંજના પ્રવચનમાં પણ આ જ ધ્યેયને નજર સમક્ષ રાખી, તેઓશ્રીએ કહ્યું હતું કે કેવળ વધુ ને વધુ જાણવાની જિજ્ઞાસામાં જ જીવન પૂરું કરવાને બદલે માણસે પોતે જે જાણે છે, તેનો વ્યવહારમાં અમલ કરવા તેમ જ જીવનને શુદ્ધ, સાત્ત્વિક ને પવિત્ર બનાવવા તરફ ધ્યાન આપવાની વિશેષ જરૂર છે.

આ કાર્યક્રમના આયોજનમાં શ્રી જીતુભાઈ ગાંધી ઉપરાંત શ્રી ઈશ્વરભાઈ શાહ, શ્રી રાજુભાઈ પુરોહિત, શ્રી વિનુભાઈ અમીન, શ્રી ચંપકભાઈ શાહ, શ્રી વિજયસિંહ રાણા તેમ જ અન્ય સાધક ભાઈ-બહેનોએ પ્રશંસનીય ફાળો આપ્યો હતો. વડોદરાના પ્રા. ડૉ. રણજીતભાઈ પટેલ (અનામી) તેમ જ ઘણા સંભવિત ગૃહસ્થોએ ગુરુદેવના જીવન વિષે, તેઓશ્રીની સાહિત્ય ક્ષેત્રે સેવા વિષે તેમ જ આધ્યાત્મિક ક્ષેત્રે તેઓશ્રીએ પ્રગતિ સાધી ગુજરાત કે ભારત જ નહિ, પરંતુ સમગ્ર દુનિયાની માનવજાતને પોતાની વિશિષ્ટ અનુભૂતિઓ દ્વારા પ્રેરણા પાવાનું જે અદ્‌ભુત કામ કર્યું છે, તેને અંજલી આપી હતી.

× × ×

ગુરુપૂર્ણિમા પછી તા ૧૫મી ઓગષ્ટનો પૂ. શ્રીનો જન્મદિન ઉજવવાનું નિમંત્રણ અમદાવાદના ઉત્સાહી સાધક ને ત્યાંની પૂ. શ્રીની સમગ્ર પ્રવૃત્તિઓના મુખ્ય સંચાલક શ્રી બાબુભાઈ વ્હોરાએ આપ્યું.

માત્ર સત્તર દિવસ પહેલાં જ ગુરુપૂર્ણિમાના ઉત્સવમાં ગુજરાત ભરમાંથી જે સાધક ભાઈ-બહેનો વડોદરા આવ્યાં હતાં, તેમાંથી ઘણાખરાં આ ઉજવણી પ્રસંગે પણ અમદાવાદ આવ્યાં. અમદાવાદમાં તોફાન હતું છતાં ગુરુદેવ ઉપરના પ્રેમને લીધે સહુ પ્રેમી ભક્તોનો સમુદાય ભેગો થયો. સહુને ઉતર-

વાની તેમ જ જમવાની વ્યવસ્થા અમદાવાદના મહાત્મા શ્રી યોગેશ્વર ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવી હતી.

વડોદરાની જેમ, સત્તર તાલુકા ઔદીચ્ય હોલમાં અમદાવાદ શહેર ઉપરાંત પૂ. શ્રીના મોરબી, વડોદરા, ભાવનગર, પાલનપુર, સુરત, કપુરા, રાજકોટ, નવસારી વગેરે સ્થળોથી આવેલ ભક્તોએ પૂ શ્રીને દીર્ઘાયુષ્ય ઇચ્છતી પ્રાર્થના કરતાં પ્રવચનો કરી તેઓશ્રી તેમ જ પૂ. શ્રી સર્વેશ્વરીનું પૂજન વગેરે કર્યાં.

ગુરુના જન્મદિનની ઉજવણી જો સાધકોને પ્રેરણા પૂરી પાડે, એમના, સદુપદેશોને જીવનમાં ચરિતાર્થ કરવાનું કામ કરે તો તેનું કંઈ મહત્ત્વ છે. બાકી જાગૃત મનુષ્યનો નવો જન્મ તો હરક્ષણે થતો રહે છે. સંત પુરુષો કે મહાત્માઓને મન–જીવનની આસક્તિ નથી હોતી કે મૃત્યુનો શોક હોતો નથી. તેમનું સમગ્ર જીવન લોક હિતાર્થે જ હોય છે. એટલે અસત્ પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ ને સત્ પ્રવૃત્તિ પ્રતિ પ્રયાણ એ જીવનના પ્રધાન લક્ષ્યનું સાધક ભાઈ-બહેનોને તેઓશ્રીએ સ્મરણ કરાવ્યું.

આ પ્રસંગે શ્રી યોગેશ્વરજીનાં જીવનનાં વિવિધ પાસાંઓને આવરી લેતાં પ્રવચનો ભક્તોએ કર્યાં. અમદાવાદના કાર્યક્રમના આયોજનમાં શ્રી બાબુભાઇ વ્હોરા ઉપરાંત શ્રી સુતરીયાભાઈ, શ્રી વાસુદેવભાઈ મહેતા, શ્રી મન્મથરાય વ્યાસ, ડૉ. જયાબેન તેમ જ અન્ય સાધક ભાઈ-બહેનોએ સારો ફાળો આપ્યો હતો.



# જીવન સાધનાનાં સોપાન

શ્રી યોગેશ્વરજી
સંકલન : તંત્રી

[ તા. ૧૫–૮–૮૦ની સાંજે એચ. કે આર્ટસ કોલેજના હોલમાં પૂજ્યશ્રીએ "જીવન સાધનાનાં સોપાન" વિષે ખૂબ વિશદ છણાવટ કરતું મનનીય પ્રવચન આપ્યું. આ સમારંભનું પ્રમુખસ્થાન જાણીતા શિક્ષણકાર શ્રી યશવંતભાઈ શુકલે સંભાળ્યું હતું. પૂ.શ્રીએ ત્યાં આપેલ પ્રવચનનો સારભાગ અત્રે ટૂંકમાં રજૂ કરવામાં આવ્યો છે. ]

તેઓશ્રીએ કહ્યું કે મનુષ્યજીવનનું ધ્યેય આત્મદર્શન કે ઈશ્વરપ્રાપ્તિ છે. કારણકે મનુષ્ય સિવાયની ઈતર કોઈ પણ યોનિમાં માણસ આ ધ્યેયની પરિપૂર્તિ કરી શકતો નથી.

આથી આ ધ્યેયની સિદ્ધિ માટે માણસે સાધના કરવી જ જોઈએ. પછી એ સાધના ભલે જ્ઞાનમાર્ગની હોય, ભક્તિમાર્ગની હોય કે યોગમાર્ગની હોય. આ સાધનાની સાથે સાથે જીવનશુદ્ધિ હશે તો જ તેમાં ઝડપી સફળતા મળશે. જીવન તેમ જ વ્યવહારશુદ્ધિ વિના આધ્યાત્મિકતાની ઇમારત સુદૃઢ બની શકતી નથી. એ એનો પાયો છે. એટલે એની અવગણના થઈ ના શકે.

મહર્ષિ પતંજલિએ પોતાના યોગદર્શન ગ્રંથમાં યોગમાર્ગની સાધના વિષે — યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિનાં જે આઠ અંગ દર્શાવ્યાં છે. તે મારા મત પ્રમાણે ક્રમિક સોપાનો નથી. પહેલાં પાંચ પ્રકારના યમ કર્યા પછી જ નિયમોનું પાલન કરવાનું ને તે પછી જ આસન અને પ્રાણાયમનો અભ્યાસ થઈ શકે; એવું નથી. સાચું પૂછો તો મહર્ષિ પતંજલિએ કહ્યા છે, તે પ્રકારના કેવળ પાંચ યમોને સિદ્ધ કરવામાં જ કેટલાય જન્મો નીકળી જાય. તો પછી નિયમોનું પણ એવું જ. એટલે મારા

મતપત્ર પ્રમાણે મહર્ષિ પતંજલિએ જે આઠ અંગોવાળી યોગસાધના દર્શાવી છે, તેમાં સમાધિ સિવાયનાં જે સાત અંગો છે, તે (Combined Course) એક સાથે કરવાના અભ્યાસક્રમ જેવાં જ છે. એટલે આપણે આસનો પણ કરીએ, સાથે સાથે પ્રાણાયમ પણ કરતા જઈએ. પ્રત્યાહાર, ધારણા ને ધ્યાન પણ કરીએ ને યમ-નિયમોનું પાલન પણ યથાશક્તિ કરતા જઈએ. આમ આ સાતે અંગોની સમન્વયકારી સાધનાના પરિણામે જે પ્રાપ્ત થશે તે સમાધિ હશે. એટલે આત્મસાક્ષાત્કારની અનુભૂતિ સમાધિ દ્વારા થઈ શકશે. અહીં પણ માણસે એક વારની સમાધિથી અટકવાનું નથી. પરંતુ સમાધિમાં સ્થિત થઈ શકીએ. ઇચ્છીએ ત્યારે પ્રવેશી શકીએ ને જે પરબ્રહ્મ સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે, તેને જાણી આપણે સ્વયં પણ બ્રહ્મ જ બની જઈએ. એ સઘળી યોગસાધનાનું પરિણામ છે. એટલે જ ઉપનિષદ્‌ના ઋષિએ ગાયું છે કે ब्रह्मविद् ब्रह्मैव भवति । બ્રહ્મને જાણનારો કેવળ એવું દર્શન કરીને બેસી રહેતો નથી, પરંતુ એ ખુદ બ્રહ્મસ્વરૂપ જ બની જાય છે. જેમકે પારસમણિ લોખંડનું સુવર્ણ બનાવી શકે છે. પરંતુ આત્મદર્શન વડે તો બ્રહ્મને જાણનારો પુરુષ – સુવર્ણ ન બનતાં ખુદ પોતે જ પારસ બની જાય છે.

આ સ્થિતિએ પહોંચ્યા પછી સ્વાન્તઃ સુખાયની સાધના પૂરી થઈ, પરંતુ परजन हिताय‌ની પ્રવૃત્તિ કરવાની રહે છે. આવા પુરુષો પછી લોકસંગ્રહની પ્રવૃત્તિ કરતાં કદી લેપાશે નહિ. એટલું જ નહિ પરંતુ એમના સંકલ્પો પણ એટલા બળવાન હશે કે કેવળ સંકલ્પબળથી પણ તે ઘણાં પરિવર્તનો વ્યક્તિ કે સમષ્ટિના જીવનમાં લાવી શકે છે. તેઓ પણ રાષ્ટ્રપ્રેમ ને માનવપ્રેમથી સંપન્ન હોવાના લીધે, દેખીતી બહુપ્રવૃત્તિ કર્યા સિવાય, કેવળ શુભ સંકલ્પો દ્વારા, રાષ્ટ્રહિતની પ્રવૃત્તિ એકાંતમાં રહીને પણ કરતા હોય છે. આખરે સંકલ્પ



એ પણ પ્રબળ શક્તિ છે. એથી જ વેદોના ઋષિએ પ્રભુ પાસે માગ્યું છે કે "तन्-मे मनः शिवसंकल्पमस्तु । મારું મન કલ્યાણકારી સંકલ્પોવાળું થાઓ.

શ્રી યશવંતભાઈ શુકલે પોતાના પ્રવચનમાં જણાવ્યું કે આપણા જીવનમાં આજે નીતિમત્તા ને વ્યવહારશુદ્ધિ ખૂટે છે, તેને પરિણામે ઘણા બધા સામાજિક ને રાષ્ટ્રીય પ્રશ્નો પેદા થયા છે. સમાજજીવનનું એવું એક પણ ક્ષેત્ર નથી રહ્યું કે જે વિભિન્ન પ્રકારનાં દૂષણોથી મુક્ત હોય—કેળવણીનું ક્ષેત્ર કે જે પવિત્ર ગણાય તે પણ મુક્ત રહી શક્યું નથી. એટલે પૂ. શ્રી યોગેશ્વરજીએ કહ્યું તેમ વ્યક્તિ પોતે જ્યાં સુધી ન સુધરે ત્યાં સુધી સમષ્ટિને સુધારવાની આશા વ્યર્થ છે. ને વ્યક્તિને સુધારવાનું કામ નીતિમત્તા ને આધ્યાત્મિકતા સભર જીવન વડે જ શક્ય છે. પરંતુ કમનસીબે આપણે આપણી શિક્ષણ-પદ્ધતિમાં એમને પૂરતું સ્થાન આપ્યું નથી. એટલે એ દિશામાં જેટલો જલદી સુધારો કરી શકીશું તેટલું સારું છે.


❀

પ્રભુના પ્રકાશને અને માર્ગદર્શનને પૂરા હૃદયથી સ્વીકારી લો, આનંદ અને શાંતિ ઊતરી આવે ત્યારે તેની સામે સવાલ કે વાંધા ઉઠાવ્યા વિના તેને આવકારી લો. પ્રભુની શક્તિ કામ કરતી અનુભવાય ત્યારે તેને ઝીલી લો અને અનુસરો, પ્રભુનો સંકલ્પ તમારી સમક્ષ પ્રગટ થાય ત્યારે તમારી જાતને તેનું કરણ બનાવી દો. આ છે સમર્પણનો સાર.

—શ્રી અરવિંદ

# નાસાગ્ર દ્રષ્ટિ

શ્રી મણિભાઈ શાહ




ધ્યાનના આસનો શરૂ કરતાં પહેલાં નાસાગ્ર અને ભ્રુમધ્ય દ્રષ્ટિ શીખી લેવી જોઈએ. કારણકે આ બંને દ્રષ્ટિ ધ્યાનની પૂર્વભૂમિકા રૂપ છે. મન ચંચળ છે ને જ્યાં સુધી તે સ્થિર થતું નથી ત્યાં સુધી ધ્યાન લાગતું નથી. એટલે યોગીઓએ મનને સ્થિર કરવા આ બંને યુક્તિ બતાવેલી છે. અહીં નાસાગ્ર દ્રષ્ટિ સચિત્ર બતાવી છે. પણ યોગીવર વિવેકાનંદનો ધ્યાનરત ફોટો જોશો તો નાસાગ્ર દ્રષ્ટિનો વધારે સ્પષ્ટ ખ્યાલ આવશે. નાસાગ્ર દ્રષ્ટિ એક રીતે ધ્યાનની પૂર્વભૂમિકા છે.

નાસા એટલે નાક અને અગ્ર એટલે અણી. નાકની અણી કે ટેરવા પર દ્રષ્ટિ ઠેરવી સ્થિર રાખવી તેનું નામ નાસાગ્ર દ્રષ્ટિ.

તેની રીત :

(૧) બંને આંખો બંધ કરો.

(૨) હવે જમણો હાથ જમણી આંખ ઉપર હળવેથી મૂકો, અને ડાબી આંખ અધખોલી કરી ડાબા નસકોરા પર જ્યાં ટપકું કર્યું છે ત્યાં જોવાનો પ્રયત્ન કરો. જુઓ ચિત્ર-૧. આમ કરતાં આંખની કીકી અંદર તરફ જશે અને થોડી નીચે પણ ઊતરશે. એમ પાંચ સેકંડ સુધી જોવાનું ચાલુ રાખો.



(૩) હવે બંને આંખો બંધ કરી દો અને પાંચેક સેકંડ પછી ઉઘાડી નાખો.

(૪) હવે બીજી આંખે એટલે જમણી આંખે તેવી જ રીતે દ્રષ્ટિ ઠેરવો અને આ વખતે ડાબી આંખ ડાબા હાથે દબાવી રાખો. જુઓ ચિત્ર નં ૨. પાંચ સેકંડ જોયા પછી બંને આંખો બંધ કરો. પાંચેક સેકંડ આરામ કર્યા પછી બંને આંખો ઉઘાડી નાખો.

આમ જ્યારે બંને આંખે ટેરવા પર દ્રષ્ટિ ઠેરવતાં આવડી જાય પછી બંને આંખે એક સાથે ટેરવા પર નજર સ્થિર કરવાની છે.

(૫) ચિત્ર નં-૩ જુઓ. અને જ્યાં બે ટપકાં કર્યાં છે ત્યાં બંને આંખોની દ્રષ્ટિ સ્થિર કરો. બંને આંખોની દ્રષ્ટિ સરખે અંતરે પડે તેનું ધ્યાન રાખો. એક આંખે જ્યારે નાકનું ટેરવું જોવાની પ્રેક્ટીસ કરીએ ત્યારે આની ચોકસાઈ કરી લેવી જોઈએ.

નાકના ટેરવા ઉપર બંને આંખની નજર સ્થિર થાય એટલે નાસાગ્ર દ્રષ્ટિ આવડી કહેવાય અને મનની ચંચળતા દૂર થવાનો અનુભવ થાય ત્યારે સિદ્ધ થઈ કહેવાય.

સમય : શરૂઆત પાંચ સેકંડથી કરવી અને અભ્યાસ કરતાં કરતાં ધીરે ધીરે સમય વધારવો.

સૂચના :

(૧) નાસાગ્ર દૃષ્ટિ દર્શનના જ્ઞાનતંતુ ( Optic nerve ) દ્વારા મગજ સાથે સંકળાયેલી હોઈ સાવધાનીપૂર્વક ધીમે ધીમે આગળ વધવું હિતાવહ છે.

(૨) બહુ વાંચ્યા પછી કે થાકેલી આંખે હરગીજ નાસાગ્ર દૃષ્ટિ કરવી નહિ.

(૩) કોઈ પણ પ્રકારનો આંખનો દુખાવો હોય ત્યારે પણ ન કરવી.

❊

ભક્તિ એટલે પ્રેમ, માન તથા વધુમાં સમર્પિતતા. આત્માર્પણ વિના પ્રેમ હોઈ શકતો નથી. પરંતુ માનવપ્રેમમાં આત્માર્પણનું તત્ત્વ બહુ બહુ વિરલ હોય છે. એ પ્રેમ તો સ્વાર્થથી ભરપૂર હોય છે. નાના બચ્ચાનો પ્રેમ પણ સ્વાર્થી હોય છે, કારણ બદલામાં એ કંઈ માગતું હોય છે. પણ આ કહેવાતો માનવપ્રેમ તો એથી પણ ઘણી વિશેષ ખરાબ વસ્તુ છે. એ તો પોતાના પાત્રને કેવળ પોતાને કબજે કરી લેવા જ માગતો હોય છે. ભક્તિ એ માનવપ્રેમ કરતાં ઘણી ઊંચી વસ્તુ છે. આત્માર્પણની દિશામાં એ પહેલું પગલું છે.

—શ્રી માતાજી



# શિવસંકલ્પ ઉપનિષદ

પ્રિ. એસ. સી. પાઠક

( ગતાંકથી ચાલુ )

મંત્ર ૩.

यत्प्रज्ञानमुतचेतोधृश्चियज्योतिरं तरमृतम् प्रजासु ॥
यस्मान्नऋते किंचन कर्म क्रियते तन्मेमनः शिवसंकल्पमस्तु ॥

પદચ્છેદ :

यत् प्रज्ञानम् उत चेतः धृतिः च यत् ज्योति अन्तः अमृतं प्रजासु ।
यस्मात् न ऋते किंचन कर्म क्रियते तत् मे मनः शिवसंकल्पम् अस्तु ॥

અઘરા શબ્દો :

प्रज्ञानं – વિશેષ રીતે જ્ઞાન જનક, चेतः – સામાન્ય જ્ઞાન જનક
धृतिः – ધૈર્ય अमृतं – અજર અમર

અર્થ :

જે મન વિશેષ જ્ઞાનજનક છે; વળી જે મન સામાન્ય જ્ઞાનજનક છે અને ધૈર્યરૂપ છે અને જે મન જનો મધ્યે અન્તઃવર્તમાન સર્વેન્દ્રિયોનું પ્રકાશક છે અને જે મન વિના એક પણ કર્મ થઈ શકતું નથી તે, મન કલ્યાણકારી સંકલ્પવાળું બનો.

સમશ્લોકી :

સર્વેન્દ્રિયોમાં જય જ્યોતિ દેતું પ્રજ્ઞાનને પ્રેમલ ચિત્ત દેતું,
પિયુષને ધૃતિતણા ઝરણે ઝરેલું કલ્યાણ સંકલ્પ સુધા ભરેલું
મારું સદાયે મનડું રહેજો સર્વે નસોમાં પ્રભુતા વહેજો.

## વિવેચન

મન વિશેષ રીતે અથવા તો પ્રકૃષ્ટ રીતે જ્ઞાનને નિપજાવતું હોવાથી આ મનને प्रज्ञानं કહ્યું છે. વિશિષ્ટ જ્ઞાન એટલે પ્રજ્ઞાન અને સામાન્ય જ્ઞાન એટલે चित. પદાર્થને સમ્યક્ પ્રકારે જેવા હોય તેવા જ જ્ઞાનપૂર્વક સ્ફુરાવે તેથી મનને चेतः

કહ્યું છે. આથી આ મન સામાન્ય અને વિશેષ જ્ઞાનનું જનક કહેવાય છે. ધૈર્યની ઉત્પત્તિ મનમાં જ થતી હોવાથી મનમાં જ ધૈર્યની ઉપચર્યા થાય છે, તેથી કાર્યકારણના અભેદથી મન જ પોતે ધૃતિ રૂપ કહેવાયું છે. જે મન પ્રાણી માત્રમાં અંદર રહેલું હોવા છતાં સર્વ ઇન્દ્રિયોનું પ્રકાશક હોવાથી ज्योति કહ્યું છે. મનનું અમરૂપત્વ છે તેથી તેને अमृत એટલે અજર અર્થાત્ મરણધર્મરહિત કહ્યું છે. વળી સર્વકર્મમાં પ્રાણીઓની મનઃપૂર્વક જ પ્રવૃત્તિ થતી હોવાથી અને મનમાં સ્વાસ્થ્ય વિના કર્મનો અભાવ છે. તેથી यस्मात् न ऋते ઇત્યાદિથી તેમ કહ્યું છે.

મનને અજરઅમર કહ્યું છે, કારણકે જ્યાં સુધી મન શિવમાં અથવા બ્રહ્મમાં લીન ન થાય ત્યાં સુધી જન્મમરણના ફેરા રહે છે; અને જેનું મન આ જન્મમાં મૃત્યુસમયે હોય તેવું જ મન બીજા જન્મમાં રહે છે. જો જન્મમરણના ફેરા ટાળવા હોય તો પુરુષાર્થ કરી મનને શિવમય અથવા બ્રહ્મમય બનાવવું જ જોઈએ. વળી જ્યારે મન શિવરૂપ થઈ જાય છે અને પૂર્ણ જ્ઞાન થાય છે ત્યારે કોઈ કર્મ કરવાનાં રહેતાં નથી, કારણકે મનનો લય બ્રહ્મમાં થયેલો હોય છે.

મનનો લય બ્રહ્મમાં થતાં જગતની માયાનો અંત આવી જાય છે, એટલે કે આત્મસ્વરૂપમાં મનનો લય થતાં અવિદ્યાની નિવૃત્તિ થાય છે. માયાનાં બંધનો છૂટી જતાં જીવ અને આત્મા એકાકાર છે એટલે કે મોક્ષપદ પ્રાપ્ત થાય છે. ક્ષણે ક્ષણે ચૈતન્યનો આવિર્ભાવ થાય છે. અગોચર આનંદ અને સુખની પ્રાપ્તિ થાય છે. આમ જ્ઞાનવડે મનનો આત્મામાં લય એ જીવનનું સર્વોચ્ચ કલ્યાણ છે, અને અતીન્દ્રિય આનંદ છે.

**મંત્ર ૪.**

येनेदम्भूतं भुवनन्भविष्यत् पादगृहीतममृतेन सर्वम् ।
येन यज्ञस्तायते सप्तहौता तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥



પદચ્છેદ :

येन इदं भूतं भुवनं भविष्यत् परिगृहीतम् अमृतेन सर्वम् ।
येन यज्ञः स्तायते सप्तहोता तत् मे मनः शिवसंकल्पम् अस्तु ॥

અઘરા શબ્દો :

भुवनं – વર્તમાન કાળ

अमृतं – શાશ્વતઃ મન. મુક્તિપર્યંત જ્ઞાનેન્દ્રિયો નશ્વર છે અને મન અનશ્વર છે. માટે મન अमृतं છે.

स्तायते – विस्तार्यते

यज्ञः – અગ્નિહોમાદિ યજ્ઞ. આ યજ્ઞમાં હોતૃ મૈત્રાવરૂણ આદિ સપ્ત હોતા હોય છે.

અર્થ :

અમૃતધર્મવાળા મનથી ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળનું સર્વપ્રકારે જ્ઞાન થાય છે અને જેના વડે સાત હોતાવાળો યજ્ઞ વિસ્તાર પામે છે, તે મારું મન કલ્યાણ સંકલ્પોવાળું બનો.

સમશ્લોકી :

જે અમૃતે ભૂત ભવિષ્ય જાણું ને વર્તમાન સઘળું પિછાણું,
ને સપ્તહોતા યજ્ઞને રહેલું કલ્યાણ સંકલ્પ સુધા ભરેલું,
મારું સદાયે મનડું રહેજો સર્વે નસોમાં પ્રભુતા વહેજો.

## વિવેચન

ત્રણે કાળ સંબંધી વસ્તુઓનું ગ્રહણ તો માત્ર વિશુદ્ધ મન જ કરી શકે છે, જ્યારે પંચ જ્ઞાનેન્દ્રિયો તો માત્ર પ્રત્યક્ષનું જ ગ્રહણ કરી શકે છે. મુક્તિ પર્યન્તમાં પંચ જ્ઞાનેન્દ્રિયોનો તો નાશ થાય છે, પણ મનનો નાશ થતો નથી. આ કારણસહ મનને अमृतं અથવા શાશ્વત્ કહ્યું છે. મૈત્રાવરુણાદિ સપ્તહોતાવાળા યજ્ઞનો વિસ્તાર મન વડે કરીને જ થાય છે.

સતત નિદિધ્યાસનથી, અભ્યાસથી અને ભક્તિથી મન વિશુદ્ધ થાય છે અને જ્ઞાન થાય છે અને જ્યારે આ વિશુદ્ધ મન બ્રહ્મમાં અથવા આત્મામાં લીન થાય છે ત્યારે મનુષ્ય બ્રહ્મલીન કહેવાય છે. આવા બ્રહ્મલીન મહાત્માઓ સદાય ત્રિકાળદર્શી હોય છે અને ઉચ્ચ કોટિનું જ્ઞાન અને વિજ્ઞાન ધરાવતા હોય છે. બ્રહ્મજ્ઞાનરૂપી યજ્ઞમાં પંચ જ્ઞાનેન્દ્રિયો, પ્રાણ અને મન હોમવાં જોઈએ કે જેથી બ્રહ્મમય થવાય. જેમ ચણાને અગ્નિમાં શેકી દાળિયો બને છે અને પછી આ દાળિયો વાવવામાં આવે તો ઊગે નહિ, તેમ મન બ્રહ્મજ્ઞાનરૂપી અગ્નિમાં શેકવાથી બ્રહ્મમય થાય છે અને પછી તે જન્મમરણના ફેરામાંથી મુક્ત થાય છે.

મંત્ર ૫.

यस्मिन्नृचं एसामबजूछषियस्मिन् प्रतिष्ठितारथनाभाविवाराः ।
यस्मिँश्चितछसर्वमोतम्प्रजानान् तन्मे मनः शिवसंकल्पमस्तु ॥

પદચ્છેદ :

यस्मिन् ऋचः साम यजूंषि प्रतिष्ठिता रथनाभौ इव आराः ।
यस्मिन् चितं सर्वं ओतं प्रजानां तत् मे मनः शिवसंकल्पम् अस्तु ॥

અઘરા શબ્દો :

चित – મન જ્યારે ચિંતવન કરે છે ત્યારે તે चित्त તરીકે ઓળખાય છે. અને વિવેક વડે વિચારતું રહે ત્યારે તે બુદ્ધિ કહેવાય છે. જ્યારે મન અહંમાંથી નીકળી જાય અને શિવમય બની જાય, ત્યારે શરીરને કોઈ વાઢ-કાપ કરવામાં આવે તોપણ પીડા થતી નથી.

અર્થ :

જેમ રથની ધરીમાં આરાઓ બેસાડેલા હોય છે તેમ મનમાં ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ રહેલા છે અને જે



મનમાં સર્વ પ્રકારનું પ્રાણી માત્રનું જ્ઞાન અને વિજ્ઞાન રહેલું છે તેવું મારું મન કલ્યાણના સંકલ્પોવાળું બનો.

સમશ્લોકી :

આરા જ જેમ રથની ધરીમાં રહેલા,
વેદો જ તેમ સઘળા મનમાં વસેલા.
વિજ્ઞાન જ્ઞાન સઘળું મનમાં રહેલું,
કલ્યાણ સંકલ્પ સુધા ભરેલું.
મારું સદાયે મનડું રહેજો,
સર્વે નસોમાં પ્રભુતા વહેજો.

## વિવેચન

મન જ્યારે સ્વસ્થ હોય છે એટલે કે વિશુદ્ધ હોય છે ત્યારે ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદની સ્ફૂર્તિ મનમાં થાય છે. अन्नमयं हि सौम्यं मनः એ પ્રકારે છાંદોગ્યમાં મનમાં સ્વસ્થતા વેદોચ્ચારણ શક્તિનું પ્રતિપાદન કરેલું છે. અહીં રથની ધરી અને આરાનું દૃષ્ટાંત આપવામાં આવેલું છે. જેમ રથની ધરીની આસપાસ આરાઓ જડેલા છે તે સમગ્ર વેદો મનમાં જડેલા છે. સમગ્ર શબ્દરૂપ જાળરૂપ પ્રપંચ મનમાં જ રહેલો છે તે જ પ્રમાણે પ્રાણી માત્રનું જ્ઞાન વિજ્ઞાન મનમાં જ પરોવાયેલું છે. માટે મનની સ્વસ્થતામાં જ્ઞાનની ઉત્પત્તિ થાય છે અને મનની અસ્વસ્થતામાં જ્ઞાનનો લય થાય છે, સ્વસ્થ મનમાં અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત થાય છે. અતીન્દ્રિય આનંદમાં ચરવું તે જ જીવનનું શ્રેષ્ઠ ચારિત્ર કે જેના વડે મુનિદશા અને સર્વજ્ઞદશા પ્રાપ્ત થાય છે.

મંત્ર ૬.

सुखारथिरश्वानिवयन्मनुष्यान्ने नीयतेऽभीशुभिर्वाजिन इव ।
हृत्प्रतिष्ठं अदजिरं जविष्ठं तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥

પદચ્છેદ :

> सुषारथिः अश्वान इव यत् मनुयान नेनीयते अभीशुभिः
> वाजिन इदं हृत् प्रतिष्ठ यत् अजिरं जविष्ठं तत् मे मनः
> शिवसंकल्पम् अस्तु

અઘરા શબ્દો :

वाजिनः – મજબૂત अभिशुः – લગામ
अजिरं – જીર્ણ ન થાય તેવું जविष्ठं – અતિ વેગવાળું

અર્થ :

મજબૂત લગામથી એક સારો સારથી અશ્વને દોરે છે તેમ હ્રદયમાં રહેલું, વૃદ્ધવસ્થા વગરનું અને અતિ વેગવાળું જે મન મનુષ્યને પ્રેરે છે તે મન કલ્યાણકારી સંકલ્પોવાળું બનો અથવા ધર્મપ્રવર્તક બનો અથવા શિવને પ્રાપ્ત કરવા માટે કલ્યાણ સંકલ્પવાળું થાવ.

સમશ્લોકી :

નિયંત્રે ખરો સારથી જેમ અશ્વ ઉરો નિયંત્રે મન તેમ સઘળે
જરા વિનાનું અતિ વેગવાળું કલ્યાણસંકલ્પસુધા ભરેલું
મારું સદાયે મનડું રહેજો સર્વે નસોમાં પ્રભુતા વહેજો.

## વિવેચન

સારથી જેમ ઘોડાને ધારેલ જગ્યાએ મજબૂત ચાબુક તથા લગામ વડે નિયમન કરી લઈ જાય છે તેવી જ રીતે મન જે મનુષ્યોના હ્રદયમાં રહેલું છે તે મનુષ્યોને ધારેલ સ્થળે લઈ જાય છે. શરીર અવસ્થાઓ જેવી કે બાલ્યાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા અને જરાવસ્થા--તે બદલતી રહે છે, પણ મન તો સદા યુવાન છે અને અતિ વેગવાળું છે. મન સદા યૌવનવાળું છે માટે તેને अजिरं કહ્યું છે. મન અતિ વેગવાળું



છે તે માટે શ્રુતિનું પ્રમાણ છે. न वै वातात्किंचना शीयोऽस्तिः न मनसः किंचनाशीयोऽस्ति, માટે મનને जविष्ठं કહ્યું છે. આ વૈજ્ઞાનિક યુગમાં તેજની ગતિ એક સેકંડે ૧૮૬૩૨૫ માઇલની છે પણ મનની ગતિ તેનાથી કરોડો ગણી હોવાથી તેનું માપ કાઢવું મુશ્કેલ છે. मनस्य लयः प्राणः મનનો લય પ્રાણ વડે થાય છે. જ્યારે प्राणस्य लयः ૐ છે. એટલે કે પ્રાણનો લય ૐ વડે થાય છે. આમ મનરૂપી અશ્વ પ્રાણરૂપી લગામ અને ૐરૂપી ચાબુકથી લોમ અને વિલોમ પ્રાણાયામે વશ થાય છે અને પરમાત્મારૂપ શિવમય બની જાય છે.

❋

લગભગ ત્રીશ વર્ષ સુધી સમસ્ત સુધરેલી દુનિયાના રોગીઓને સલાહ આપવાની તક મને મળી છે. મે સેંકડો રોગીઓની ચિકિત્સા કરી છે. પાંત્રીશ વરસથી મોટી ઉંમરનાં મારાં દરેક દર્દીની સમસ્યા છેવટે એ નીકળી છે કે તેમને જીવનમાં એક ધાર્મિક દૃષ્ટિકોણની જરૂર હતી. મારા કથનમાં જરાપણ અતિશયોક્તિ નથી કે આ દરેકની બીમારીનું મૂળ કારણ ધર્મતત્ત્વના અભાવમાં હતું. જ્યારે તેમને ધાર્મિક દર્શન પ્રાપ્ત થયું ત્યારે જ આ દર્દીઓ સાવ સાજા થઈ શક્યાં.

—ડૉ. કાર્લ જુંગ

# શ્રી કબીરજીનું તત્ત્વદર્શન

પ્રા. શશિકાન્ત કોન્ટ્રાકટર

( ગતાંકથી ચાલુ )

**(૫) કબીરની તત્ત્વજ્ઞાન પદ્ધતિ :** કબીરજીએ દાર્શનિક હોવાનો દાવો કદી કર્યો નથી તેમ જ દાર્શનિક બનવાનો પ્રયત્ન કર્યો નથી, છતાંયે એમની અધ્યાત્મપ્રિયતાએ એમને દાર્શનિક (તત્ત્વજ્ઞાની) બનાવ્યા છે. એમણે સત્યતત્ત્વનો સાક્ષાત્કાર કર્યો હતો એટલે પોતાના અનુભવની જ અભિવ્યક્તિ કરી છે. આમ તો એમણે અનેક દર્શનો આત્મસાત્ કર્યાં છે, અને અંતે પોતાનો એક મૌલિક દૃષ્ટિકોણ રજૂ કર્યો છે. ગમે તે હોય પણ એઓ અદ્વૈતવેદાંતની સમીપ છે એમાં શંકાને સ્થાન નથી. અદ્વૈતવાદના લગભગ ૧૮ પ્રકારો જોવા મળે છે છતાં મુખ્યત્વે ત્રણ પ્રકારો છે : (૧) શબ્દાદ્વૈત (૨) વિજ્ઞાનાદ્વૈત (૩) સત્તાદ્વૈત.

**શબ્દાદ્વૈત :** આ મત અત્યન્ત પ્રાચીન છે એમાં સમસ્ત વિશ્વ શબ્દ સ્વરૂપે છે. શબ્દથી જ સંસારનું સર્જન થયું છે. કબીરજીએ શબ્દબ્રહ્મનો મહિમા સર્વત્ર ગાયો છે.

**વિજ્ઞાનાદ્વૈત :** આ મત ભગવાન બુદ્ધનો છે. ખાસ કરીને બૌદ્ધોના યોગાચાર સંપ્રદાયમાં એનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

**સત્તાદ્વૈત :** વેદાન્તનો મત છે. એનાં પ્રચલિત સ્વરૂપો ત્રણ છે. (૧) કૈવલાદ્વૈત (૨) વિશિષ્ટાદ્વૈત (૩) શુદ્ધાદ્વૈત—આમાંથી કબીરજીનો સંબંધ કૈવલાદ્વૈત સાથે છે. કબીરજી બ્રહ્મ અને જગતના અંશાંશી સંબંધને સ્વીકારે છે. કબીર સ્વપ્નવાદી છે પરંતુ એમના પર બૌદ્ધોના સ્વપ્નવાદ કરતાં



શંકરાચાર્યના માયાવાદની વિશેષ અસર નજરે પડે છે. એમનો સ્વપ્નવાદ એ શંકરાચાર્યના માયાવાદનું જ બીજું સ્વરૂપ છે.

કબીર અદ્વૈતવાદી છે એમાં શંકાને કોઈ સ્થાન નથી. એમના અદ્વૈતવાદ પર શંકરાચાર્યના અદ્વૈતવાદનો પ્રભાવ છે તેમ જ બૌદ્ધો તથા નાથોનો પ્રભાવ છે. તેમ જ એમના પર વિશિષ્ટાદ્વૈત વાદીઓના ભક્તિતત્ત્વનો પ્રભાવ પડ્યો છે. એમના અદ્વૈતવાદ પર સૂફીઓનો પ્રભાવ પણ જણાય છે : હિન્દી સાહિત્યમાં કબીર જેવો તત્ત્વજ્ઞાન સિદ્ધાંત બીજો કોઈ કવિ પ્રસ્તુત કરી શક્યો નથી.

**(૬) કબીરની રહસ્ય સાધના :** કબીર રહસ્યવાદી કલાકાર છે. કબીરની રહસ્ય સાધના સમજવા પહેલાં રહસ્યવાદનો સામાન્ય અર્થ સમજી લેવો આવશ્યક છે. અવ્યક્ત બ્રહ્મ સાથે જીવાત્માનો દામ્પત્ય સંબંધ સ્થાપવામાં આવ્યો. બ્રહ્મને પુરુષ અને આત્માને નારી માનવામાં આવી અને તે એના વિરહમાં ઝૂરવા માંડી. એની આ તડપન અને અંતે બ્રહ્મ સાથેના તાદાત્મ્યને જ્યારે વાણી મળી ત્યારે કાવ્યમાં રહસ્યવાદનો પ્રારંભ થયો. "ચિંતનના ક્ષેત્રમાં જે અદ્વૈતવાદ છે તે જ ભાવનાના ક્ષેત્રે રહસ્યવાદ છે." કોઈ પરમ પરોક્ષ સત્તાની અનુભૂતિ, એના સમાગમની ઈચ્છા જ રહસ્યવાદ છે. ટૂંકમાં કહીએ તો જે અવ્યક્ત ચિંતનનો બ્રહ્મ છે તે જ ભાવનાનો પ્રિયતમ છે. આ પ્રિયતમની સાથેના મિલનની ભાવના જેમાં જિજ્ઞાસા, આશા, આકાંક્ષા, આભાસ, મિલન, વિરહ આદિનો સમાવેશ થાય છે, રહસ્યવાદનું મૂળ છે.

આટલી જરૂરી ભૂમિકા પછી આપણે કબીરની રહસ્યસાધના પર વિચાર કરીએ. બ્રહ્મ સાથેના ભાવાત્મક તાદાત્મ્ય માટે ગુરુની આવશ્યકતા છે. ગુરુ જ સાધકને અલૌકિક પ્રેમ

તથા અલૌકિક સૌંદર્યથી મઢી દે છે. પ્રિયતમના આ સૌંદર્યની ઝલક કેટલી સુંદર છે!

"કબીર પેખ્યા એક અંગ મહિમા કહી ન જાય,
તેજ પુંજ પારસમણી નૈનૂ રહા સમાય."

પરંતુ આ ભાવદશા લાંબો સમય ટકતી નથી. માયા એમાં વિઘ્ન નાખે છે. પરિણામે સાધકની ભાવદશા જ્યારે દૂર થઈ જાય છે ત્યારે સાધક વિરહ વિધૂર બની પોકારી ઊઠે છે.

"આંખડિયાં ઝાંઈ પડી પંથ નિહારી નિહારી,
જીભડિયા છાલા પડ્યા રામ પુકારી પુકારી."

વિરહની બધી અવસ્થાઓમાંથી પસાર થયા પછી અંતે બ્રહ્મ સાથેનું મિલન શક્ય બને છે. આ બતાવવા કબીરજીએ વિવાહનું રૂપક લીધું છે.

"દુલહિન ગાવો મંગલાચાર હમારે ઘર આયે હો રાજારામ ભરતાર,
તન રતિ કરિ મૈં મન રતિ કરિહ પંચ તત્ત્વ બરાતી,
રામદેવ મોહિ બ્યાહન આયે મૈં જોબન મદમાતી.
સરીર સરોવર વેદિ કરિહૂં બ્રહ્મ બેદ ઉચાર
રામદેવ સંગ ભાંવરિ લૈહું ધનિ ધનિ ભાગ હમાર
કહૈ કબીર હમ બ્યાહિ ચલે પુરુષ એક અવિનાસી."

વિવાહ પછી સુહાગરાત આવે છે. પ્રેમિકા પ્રિયતમને આલિંગન આપે છે. અને પોતાના સૌભાગ્યની પ્રશંસા કરે છે. તે પ્રિયતમના મધુર મિલનમાં તન્મય થઈ જાય છે અને અનિર્વચનીય આનંદનો અનુભવ કરે છે. પ્રિયતમ એક વાર મળી જાય પછી પ્રિયતમા એને કોઈ પણ ભોગે જવા દેવા માંગતી નથી.



"અબ તોહિ જાન ન દૈહૂં રામ પિયારે,
જ્યૂં ભાવૈ ત્યૂં હોઉ હમારે."

આ આનંદ મિલન પછી એકાકારિતા કે તાદાત્મ્યની અવસ્થા આવે છે. આ અવસ્થામાં સાધક સાધ્ય સાથે નીર-ક્ષીરની જેમ એકાકાર થઈ જાય છે. જેમ જેમ આ અદ્વૈતતા વધતી જાય છે તેમ તેમ આનંદની ઉત્કટ અનુભૂતિ થતી જાય છે, સાધક ભાવમગ્ન થવાથી મૌન થઈ જાય છે. શ્રી નિકલસને પણ સૂફી રહસ્યવાદના સંદર્ભમાં ઉપરોક્ત અવસ્થા વિષે લખ્યું છે કે જે ઈશ્વરને જાણે છે તે મૌન થઈ જાય છે. ગીતામાં પણ લખ્યું છે કે સાચો મુનિ તે જ છે જે મૌન હોય.

[ ક્રમશઃ ]

જેમ શરીર માટે ખોરાક આવશ્યક છે, તેમ આત્માને માટે પ્રાર્થના આવશ્યક છે. માણસ ખોરાક વિના ઘણા દિવસ ચલાવે પણ પ્રાર્થના વિના માણસ ક્ષણ વાર પણ ન જીવી શકે, ન જીવી શકવું જોઈએ. તમે કહેશો કે પ્રાર્થના વિના તો લાખો માણસો જીવે છે. હા, જીવે છે ખરા, પણ એ જીવન પશુજીવન છે. અને માણસને માટે એ મૃત્યુ કરતાં ભૂંડું છે.

—મહાત્મા ગાંધી

સંસાર યાત્રામાં ક્યારેય કોઈ સુખી થતું નથી. પરમાર્થ યાત્રા જ પરમ સુખનો માર્ગ છે. એ આપનો માર્ગ પર સ્વયં ચાલવાનો પ્રયાસ કરો, જ્યાં સુખદુઃખનો પ્રશ્ન નથી. અભિમાનશૂન્ય પરમાનંદ ભણી.

—મા આનંદમયી

# શુભનો સંચય

ભાઈલાલભાઈ છાટબાર

**સદ્ આચરણ માટે દઢ મનોબળ :**

મનુષ્ય પોતે સ્વધર્મ, નૈતિકતા સદ્ આચરણ શું છે, તેની વિશે પોતાના મન-બુદ્ધિના પ્રદેશે સ્પષ્ટ સમજણ ધરાવતો હોય છે, પરન્તુ પોતાની આંતરિક નબળાઈઓને કારણે તેનો અમલ કરી જીવન-વ્યવહારમાં આચરણમાં મૂકી શકતો નથી. શાસ્ત્રજ્ઞાનસંપન્ન સમજુ માણસો હંમેશાં ધર્મનું આચરણ કરતા જ હોય છે એવું નથી બનતું, કેમ કે એવા પ્રકારનું ધર્મોચિત આચરણ કરવા માટે જે માનસિક બળ જોઈએ તે ઘણાઓમાં હોતું નથી. મનુષ્ય જ્યાં સુધી પોતાની જાતને મજબૂત ન બનાવે ત્યાં સુધી જ્ઞાન અને આચરણ વચ્ચેની જે ખાઈ દેખાય છે, તે ટૂંકી થઈ શકતી નથી.

**આત્મનિરીક્ષણ :**

માણસનો વિકાસ ત્યારે જ થઈ શકે છે જ્યારે તે આત્મ-નિરીક્ષણ દ્વારા ત્રુટીઓ અને નિર્બળતાઓ પ્રત્યે જાગ્રત રહી તેને દૂર કરવા સતત પ્રયત્નશીલ હોય છે. આત્મવિવેચના દ્વારા ગુણદોષોને પકડવામાં આવે અને પછી દોષોનું શમન થઈ જાય તો મનુષ્યના જીવનમાં તન-મન અને અંતરની શુદ્ધિની પ્રતિષ્ઠા થાય છે. દુર્ભાવો, દુર્ગુણો અને દુષ્કર્મોનો ત્યાગ એ જ સાચો ત્યાગ છે. સદ્ભાવ, સદ્ગુણો અને સત્કર્મોની જીવનમાં પ્રતિષ્ઠા થઈ જાય તો મનુષ્યને આત્મશુદ્ધિ સાંપડે છે. મન-અંતઃકરણમાં બેઠેલ દેવ દોરતો હોય તો એ હંમેશાં ન્યાય અને સદાચારને માર્ગે જ દોરે છે—ખોટા માર્ગે કદી દોરતો નથી.



**સાધન-ભજનની પાર્શ્વભૂમિકા :**

દૃષ્ટિ અને વૃત્તિની વિશુદ્ધિમાં જીવનનું શ્રેય રહેલું છે. કામ, ક્રોધ, લોભ, આસક્તિ અને અહંતા જેવા મનના આવેગો અને આવેશો તેમ જ ઉત્તેજનાઓની અરાજકતા ચિત્તતંત્રને અશાન્ત કરે છે અને સાધનાની સ્થિરતામાં બાધક બની રહે છે. વિચારો, ભાવો અને કર્મોને વિવેકબુદ્ધિપૂર્વક વિશુદ્ધ તેમ જ ઉદાત્ત ન બનાવીએ ત્યાં સુધી ચિત્તની સ્વસ્થતા અને મનની શાન્તિ પ્રાપ્ત થઈ શકતી નથી. મનને અને મનના વિષયોને જીતવાથી સાધનાની શ્રેયયાત્રા સરળ અને સુગમ બની રહે છે. દિલનાં ઝૂંપડાંઓમાં લાગેલાં મોટાં મોટાં જાળાં વાળી ઝૂડીને સાફ કરવાની જરૂર રહે છે. તન, મન અને અંતરની વિશુદ્ધિ સાધનાના શ્રેયપથ માટે સુંદર પાર્શ્વભૂમિકા રચે છે.

**બાહ્ય સાધન :**

એકલાં માળા, જપ અને તપ કે દેહદમન શાન્તિ આપી શકતાં નથી. ગ્રન્થવાચન, મંદિરદર્શન અને તીર્થાટન એ બધાનું સારતત્ત્વ અંતઃકરણની નિર્મળતા અને હૃદયની વિશુદ્ધિ છે. મંત્રજપ, તપ કે દેહદમન દ્વારા – મનુષ્ય પોતાના મન-અંતરની વિશુદ્ધિના પ્રમાણમાં – શાન્તિનો અનુભવ કરી શકે છે. આધ્યાત્મિક ગ્રન્થો પરમાત્મા પાસે પહોંચાડવાનું સાધન છે. તે સર્વપ્રથમ તો મન ઉપર શાસન કરવાનું શીખવે છે. શુદ્ધભાવે કરાવેલ દેવદર્શન અને તીર્થયાત્રા હૃદયને વિશાળ, ઉદાત્ત અને પરમાત્માભિમુખ બનાવે છે. અશાન્તિનું મૂળ મનમાં છે. બાહ્ય સાધનોનો ઉપયોગ મન-અંતરને સાર્વભૌમ અને સદ્ગુણી બનાવી શ્રેયપથને ઉજ્જવળ કરવામાં અને મનુષ્યને પ્રકાશોન્મુખ બનાવવામાં સહાયભૂત થવાનો છે.

**શુભનો સંચય :**

શ્રદ્ધા અને ભક્તિની દૃષ્ટિ હોય અને વાણી શુદ્ધ, સત્ય, પ્રિય અને હિતકારી હોય તો સારોય સંસાર ચિન્મય શક્તિથી

ભરપૂર છે. સંયમ અને વિવેકપૂર્વકનો ત્યાગ સાચી શાન્તિ લઈ આવે છે. જીવનસંગ્રામમાં શુભ–અશુભ વચ્ચેનું ઘર્ષણ હંમેશાં ચાલ્યા કરે છે. અસ્થાયી ભૌતિક માયા અને ચિરંતન દિવ્ય સંપત્તિનું દ્વન્દ્વ માનવજીવનમાં કાયમ ચાલતું રહે છે. આ ગજગ્રાહમાંથી મુક્ત થવા અને દિવ્ય અલૌકિક સંપત્તિ પ્રાપ્ત કરવા મનુષ્યે સતત પ્રયત્નશીલ રહેવું પડે છે. શુભ વિચારો, શુભ વૃત્તિઓ, મંગળમય વાણી અને સદ્‌વિવેકપૂર્ણ વ્યવહાર દ્વારા તન–મન અને અંતરમાં શુભનો સંચય કરવાની આવશ્યકતા છે. બધી સાધના, બધા ધર્મ અને બધી આધ્યાત્મિકતાનું ધ્રુવપદ શુભનો સંચય છે. સંસારના બધા જ ધર્મશાસ્ત્રોનો સાર એટલો જ છે કે–સારા બનો અને સારું કરી છૂટો.

**શુભ સંચયનું ફળ :**

હજારો મનુષ્ય શુદ્ધિ દ્વારા મનના અધીશ્વર બન્યા છે. ભક્ત કે ઉપાસક પણ અભ્યાસ દ્વારા મનની એકાગ્રતા સાધી તેવો જ અધીશ્વર બની શકે છે. જીવનની વિશુદ્ધિ વગર પરમાત્માના પરમ પ્રકાશનો પરિચય થઈ શકતો નથી. જ્ઞાન પરોક્ષ હોય છે. તે પ્રત્યક્ષ ત્યારે થાય છે કે જ્યારે વિશુદ્ધ મન પરમાત્મામાં ડૂબી જાય છે. સંયતેન્દ્રિય વિશુદ્ધિપ્રાપ્ત મનુષ્ય સૃષ્ટિના મોટામાં મોટા ચમત્કાર સમાન છે. તે સંયમ અને પવિત્રતાના પાલનથી ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ મનની સ્વસ્થતા જાળવી રાખવા શક્તિમાન હોય છે. અહંતા ને મમતાને બદલે ૐનો પરમાનંદ અને સર્વાત્મભાવ સંયતેન્દ્રિય મનુષ્યને સહજ પ્રાપ્ત હોય છે. આમ શુભનો સંગ્રહ પરમ દિવ્ય આનંદ અને સર્વાત્મભાવ તરફ લઈ જાય છે.

શુભના સંગ્રહ ઉપર શ્રીમદ્ શંકરાચાર્ય ખાસ ભાર મૂકે છે. મહર્ષિ પતંજલિ યમ–નિયમના ચુસ્ત પાલન સ્વરૂપે આચાર–સંહિતા આપી તે જ વાત દર્શાવે છે. ભક્તિમાર્ગમાં પણ સદાચારને પ્રાધાન્ય અપાય છે.



# પ્રશ્નોત્તરી

શ્રી યોગેશ્વરજી

પ્રશ્ન : સતત નામ જપ થઈ શકે ખરા ? જો થઈ શકે તો તેનું પરિણામ શું આવે ?

ઉત્તર : થઈ શકે. શું કરવા ન થઈ શકે ? એ સાચું છે કે તેને માટે પ્રારંભમાં પ્રયત્નપૂર્વક અભ્યાસ કરવો પડે છે. પછી ધીમે ધીમે મન તેનાથી ટેવાઈ જાય, પછી તમારું મન નવરૂં પડતાં નામ સ્મરણમાં જ જોડાઈ જશે.

સતત નામસ્મરણની ટેવ પાડતાં પહેલાં જ્યારે પણ નવરા પડીએ ત્યારે નામજપ કરવાની ટેવ પાડવાથી લાભ થાય છે. પછી મનને બે ભાગમાં વહેંચતાં શીખવું પડશે. એક ભાગને પ્રભુના નામસ્મરણમાં રોકી રાખવાની ટેવ પાડવી પડશે. તે જ વખતે મનનો બીજો ભાગ બીજી પ્રવૃતિ પણ કરી શકશે. જેમ આંખ જોવાનું, કાન સાંભળવાનું કામ તો કરશે, પરંતુ મનનો પેલો ભાગ ભગવાન સાથેનું તમારું અનુસંધાન જોડેલું રાખશે.

આપણે સંસારમાં એવા પણ કેટલાક માણસો જોઈએ છીએ, જેઓ એક સાથે સો કે હજાર વસ્તુઓ યાદ રાખી શકે. તેઓને શતાવધાની કે સહસ્રાવધાની કહીએ છીએ. શ્રીમદ્ રાજચંદ્રમાં પણ આવી અદ્‌ભુત શક્તિ હતી. પરંતુ જે ક્ષણે તેમને સમજાયું કે એક ઈશ્વર સિવાય પ્રાપ્ત કરવા યોગ્ય બીજું કાંઈ નથી, ત્યારે તેઓ બધું જ છોડી આત્મદર્શનને માર્ગે વળી ગયા.

પ્રારંભમાં આપણે જ્યારે જપ કરીએ છીએ ત્યારે જપ ચાલતા હોય ત્યારે પણ મન બીજા વિચારે ચઢી જાય છે, ને ખરેખર એ રીતે જપમાં તે લાગેલું રહેતું નથી. તો આવા

વિભાજિત થતા મનને આપણે પહેલાં નામજપ વડે એકાગ્ર થવાની ટેવ પાડીએ છીએ. મન એકવાર એકાગ્ર થવા લાગે, ત્યારે આપણે તેને ઇચ્છા પ્રમાણે પ્રયોજી પણ શકીએ છીએ.

મનની શક્તિ અસીમ છે. પરંતુ તેનો સંયમ કર્યા સિવાય તેની ખરી શક્તિનો ખ્યાલ આપણને આવી શકતો નથી. એટલે પહેલાં મન ઉપર સંયમ પ્રસ્થાપિત કરવા માટે નામની મદદ લેવામાં આવે તો સાધકનું કામ સરળ બને છે.

નામજપ જેટલા પ્રેમપુર્વક ને ભાવથી થશે તેટલો વધારે ફાયદો થશે; કારણકે જે કોઈ ઇષ્ટ, ગુરુ કે સંત પુરુષના તમે જપ કરેતા હશો, તેમના દર્શનની ભાવના તમારા દિલમાં પ્રકટશે. ભાવના પ્રકટ્યા પછી તમારા ભાવ ઉત્કટ થવા માંડશે. એ ભાવ જ્યારે ગાઢ બની મહાભાવમાં પરિણમશે, ત્યારે તમને પ્રભુનો વિરહ સાલવા લાગશે. એમ થતાં તમારો વિરહ ઉત્કટ બનતાં તમને પ્રભુ કે તમારા ઉપાસ્ય સંતપુરુષ સિવાય બીજા કશામાં રસ નહિ લાગે. ચેન નહિ પડે. એ સ્થિતિ જ્યારે પરાકાષ્ટા પર પહોંચશે ત્યારે પ્રભુ તમારાથી દૂર નહિ રહી શકે. એના મંગલમય સ્વરૂપનું દર્શન આપી એ તમને કૃતકૃત્ય ને ધન્ય કરી દેશે. આમ સતત નામસ્મરણની ટેવ એક વાર જો પડી જાય તો તમારું ઘણાં જન્મોનું કામ ઘણા ઓછા સમયમાં થઈ જાય. જીવન ધારણનો તમારો હેતુ સિદ્ધ થઈ જાય.

એટલે જીવનમાં જે કોઈ મંત્રમાં શ્રદ્ધા ધરાવતા હો તેના જપ પ્રેમપૂર્વક કરવા મંડી જાઓ. બીજી બધી જ આડવાતોને છોડી, પ્યારા પ્રભુની કૃપામાં પૂર્ણ વિશ્વાસ રાખી જીવનને બને તેટલું શુદ્ધ, પવિત્ર ને પરહિતકારી બનાવવાની સાથે સાથે પ્રાર્થના કરતાં કરતાં મંત્રજપ કરો. પછી જુઓ એનો પ્રભાવ ને શક્તિ કેવાં છે!



આ દુનિયામાં આપણે જન્મ્યા તે પછી ઘણું બધું જોયું, ઘણા બધાંને મળ્યા, પરંતુ જે ખરેખર જોવા જેવા ને મળવા જેવા હતા તે પ્રભુને જ ન જોયા કે ન મળ્યા, જીવનનું લક્ષ્ય ચૂકી ગયા. આમ હવે જાગ્યા છો, તો જોજો કે ફરી પાછા ઊંઘી ન જાઓ. પ્રભુની મહામોહમયી માયામાં કે અવિદ્યામાં ફસાઈ ન જાઓ. જો કે પ્રભુ દયાળુ છે, તે જીવને ઘણી વાર દેખીતા દુન્યવી આઘાતો આપીને પણ પોતાના તરફ ખેંચવાના પ્રયત્નો કરે છે. છતાં જેની અવિદ્યાનાં પડળ બહુ ગાઢાં હોય છે. તેઓ જાગી શકતા નથી ને એક દિવસ આ દુનિયામાંથી આંખ મીંચી વિદાય થઈ જાય છે. પ્રભુએ આપેલી એક મંગલમય તક ગુમાવી પછી શું વળે?

એટલે અખંડ નામસ્મરણ કે મંત્રજપ મંગલકારી છે. તે પ્રેમપૂર્વક કરવા માંડો.

પ્રશ્ન : મંત્રજપમાં કોઈ અશુદ્ધ ઉચ્ચાર થઈ જાય તો તેનું ફળ વિપરિત આવે ખરું?

ઉત્તર : એનો મુખ્ય આધાર તમે કયા હેતુથી મંત્રજપ કરો છો તેના ઉપર રહેલો છે.

જો તમે કોઈક દુન્યવી કે બીજા હેતુ કે લાભ માટે મંત્રજપનું અનુષ્ઠાન કરતા હો, તો તેમાં મંત્રજપ બરાબર શુદ્ધ બોલાય તે જોવું જરૂરી છે. તેમાં અશુદ્ધ ન ચાલે. દુન્યવી વ્યવહારમાં પણ આવું નથી ચાલતું. એમ આપણે જોઈએ કે અનુભવીએ છીએ.

કુંભકર્ણથી અનુષ્ઠાનના અન્તે, મહામાયાથી વિમોહિત થઈ જવાને લીધે, ઇંદ્રાસનને બદલે નિદ્રાસન તેને મળ્યું.

ચંડીપાઠમાં ‘ ભાર્યા રક્ષતુ ભૈરવી ’ને સ્થાને ‘ ભાર્યા ભક્ષતુ ભૈરવી ’ બોલવાથી પત્નીનો નાશ થયાનું આપણે સાંભળીએ છીએ. એટલે અનુષ્ઠાનમાં મંત્ર અશુદ્ધ ન ચાલે.

પરંતુ તમે જો ભક્તિભાવે મંત્રજપ કરતા હો, ને તે પાછળ પ્રભુના પ્રેમ સિવાય તમારો બીજો કોઈ ભૌતિક હેતુ ન હોય તો પ્રભુ, તેમાં થોડા 'લીનીયન્ટ' – છૂટછાટવાળા રહે છે. પ્રભુ ભક્તનો હેતુ જ જુએ છે. જેમ કે વાલ્મીકિ 'રામ'ને બદલે 'મરા' જપતા થઈ ગયા, તોપણ પ્રભુએ તો પોતાનું મંગલકારી રૂપ તેમને બતાવ્યું. એટલે જો ભક્ત ભોળો, સરળ ને સીધો સાદો હોય, અભણ હોય, શાસ્ત્રનાં વિધિવિધાન જાણતો ન હોય, તોપણ ચાલે. આવા સરળ ભોળા માણસો, કપટરહિત દિલથી પ્રભુને ગમે તે મંત્રથી જપીને જલદી પામી શકે છે. એવું આપણે આપણા ઘણા સંતોના જીવનમાં જોયું છે.

## એકલી વાતોથી શાંતિ નહિ મળે

તમે વારંવાર 'હું હું' કર્યા કરો છો, બલ્કે તમારો બધો જ જીવનવ્યવહાર અહંભાવ પર જ પ્રતિષ્ઠિત થયેલો છે. પરંતુ એ 'હુ' શું છે તે તો શોધી કાઢો. 'હું'ના મૂળને શોધી કાઢવું તેને જ સ્વરૂપનું દર્શન કે સાક્ષાત્કાર કહે છે. એવા સ્વરૂપ-દર્શન સિવાયની એકલી વાતોથી શાન્તિ નહિ મળી શકે.

—શ્રી રમણ મહર્ષિ

આપણે બધા ભિખારી છીએ. જરીક કાંઇ કર્યું કે બદલાની આશા રાખવાના! આપણે બધા દુકાનદારી કરીએ છીએ–સદ્‌ગુણોમાં દુકાનદારી, ધર્મમાં દુકાનદારી, અરે પ્રેમમાં સુદ્ધાં દુકાનદારી! કશું માગો નહિ, બદલામાં કશું ઇચ્છો નહિ. તમારે જે કંઈ આપવાનું હોય તે આપી છૂટો.

સ્વામી વિવેકાનંદ

# ભંડોળ સહાયક યોજનામાં પ્રગતિ

મે ૧૯૮૦ થી શરૂ કરેલ ભંડોળ સહાય યોજનામાં પ્રગતિ થતી રહી છે ને અધ્યાત્મના ચાહક ભાઈબહેનો તેમાં જોડાતાં રહ્યાં છે.

નવા નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે:

| | | | રૂા. |
|---|---|---|---|
| ૬૧ | શ્રી સુશીલાબેન મોહનલાલ ભક્ત | દાદરા | ૨૫૧ |
| ૬૨ | શ્રી જગદીપભાઈ રમેશભાઈ ભક્ત | કપુરા | ૨૫૧ |
| ૬૩ | આચાર્ય, પ્રભા વિદ્યાલય (શ્રી જે. વી. શાહ મુંબઈ તરફથી) | કપુરા | ૨૫૧ |
| ૬૪ | શ્રી ભીખાભાઈ રઘાભાઈ ભક્ત | કપુરા | ૨૫૧ |
| ૬૫ | શ્રી લલ્લુભાઈ સીતારામ ભક્ત | કપુરા | ૨૫૧ |
| ૬૬ | શ્રી સીતારામભાઈ રામલાલ ભક્ત | કપુરા | ૨૫૧ |
| ૬૭ | શ્રી સુરેશભાઈ ગોરધનભાઈ ભક્ત | માલોઠા | ૨૫૧ |
| ૬૮ | વૈદ્ય શાન્તિકુમાર શર્મા | મુંબઈ | ૨૫૧ |
| ૬૯ | શ્રી વીરેન્દ્રભાઈ મણિધરપ્રસાદ વ્યાસ | અમદાવાદ | ૨૫૧ |
| ૭૦ | શ્રી તરલીકાબેન શાન્તિલાલ શાહ | વડોદરા | ૨૫૧ |
| ૭૧ | શ્રી શાન્તાબેન માણેકલાલ કોકા | વડોદરા | ૨૫૧ |
| ૭૨ | શ્રી જેઠાલાલ બાપુલાલ દાલિયા | વડોદરા | ૨૫૧ |
| ૭૩ | શ્રી ગાયત્રી જપ મંડળ | રાજપીપળા | ૨૫૧ |
| ૭૪ | શ્રી દોલતરાય જે. નાયક | વડોદરા | ૨૫૧ |

અધ્યાત્મને 'મદદ':

ગુણગ્રાહી વાંચકો તરફથી અધ્યાત્મને સારા પ્રસંગોએ સહાય મળતી રહી છે. ગ્રાહકો પાસેથી મળેલી સહાય આ પ્રમાણે છે:

| | | |
|---|---|---|
| ૨૧ | ડૉ. નરેન્દ્ર ઘોઘાવાલા | ભાવનગર |
| ૧૧ | દક્ષેશકુમાર હરિશ્ચંદ્ર કોન્ટ્રેક્ટર, જન્મદિન નિમિત્તે | વલ્લભવિદ્યાનગર |

with best compliments from

## M/S. MAHAVIR MINERALS

Station Road, Chota-Udepur 391 165
( Dist. Vadodara )

*Popular Name in Dolomite Industry for Exact Weight, Best Quality and Strong Packing*


*Our Sister Concerns are :—*

**M/s. Mahavir Sales Corporation**
**M/s. Mahavir & Mahavir Minerals**
**M/s. Shree Vallabh Minerals**
**M/s. Shree Ganesh Minerals**




નીટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ
દરીયાપુર, સુપ્રભાત ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ
અમદાવાદ

જાહેર ધોરી માર્ગો ઉપરના દિશા સૂચક ને માહિતી-દર્શક પાટીયાં, પ્રવાસીને ઉપયોગી બને છે, તેમ સંત પુરુષો ને શાસ્ત્રોનાં વચનો જીવનના આત્મિક વિકાસમાં મદદરૂપ બને છે એટલે એમનું શરણ અવશ્ય લેવું.



ચિરાગ કોર્પોરેશન
રોડ સાઈન્સ સપ્લાયર્સ
ઈંદોર ૪૫૨ ૦૦૬
( એમ. પી. )

'ADHYATMA' Regd. No. G.BV.113

આપણે જો એક વાર ભગવાન સાથે આપણો સંબંધ પ્રસ્થાપિત કરી લઇએ તો આપણને જીવનમાં કદી પણ છોડી જઈ શકતા નથી.

–શ્રી યોગેશ્વરજી



મેસર્સ એન. આર. દેસાઇ
પી.ડબલ્યુ.ડી. કોન્ટ્રાકટર
સોનગઢ
વ્યારા
( જિ. સુરત )

ટાઇટલ : સરસ્વતી પ્રેસ મુદ્રિત